# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૦૬ જૂનાગઢ તા.૧૮-૧૨-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 06, Junagadh : Date : 18 December, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


**આજનો સુવિચાર**

બીજાની આંખમાંથી વહેતા આંસુ લૂછવાનો પ્રયત્ન કરવો તેજ સાચી પ્રાર્થના છે


cbc 19101/13/0036/2425

પાર્ટ-ટાઈમ જોબ સ્કેમ થી સાવધાન !




અજાણ્યા કોલર્સ અને સોશ્યલ મિડીયા વિજ્ઞાપન જે પાર્ટ ટાઈમ જોબના નામ પર સરળ પૈસાની લાલચ આપે છે.

બહુ મોટો ખતરો છે

☑ ઓનલાઈન જોબ ઓફરની તપાસ કરો

☑ શંકાસ્પદ કોલથી બચો, અંગત જાણકારી સુરક્ષીત રાખો

गृह मंत्रालय MINISTRY OF HOME AFFAIRS

Indian Cyber Crime Coordination Centre

રોકાઓ, વિચારો, એક્શન લો

www.cybercrime.gov.in અથવા 1930 પર આપની ફરિયાદ દાખલ કરાવો.

વધુ માહિતી માટે CyberDost ને ફોલો કરો.


હવે કેન્સર મહામારી નહીં રહે !

# રશિયાએ કેન્સર વિરોધી રસી બનાવી : વિશ્વ માટે રાહતના સમાચાર

મોસ્કો, તા.૧૮:

સમગ્ર વિશ્વ કેન્સર જેવી ગંભીર બીમારીથી અત્યંત પરેશાન છે. આવી સ્થિતિમાં રશિયાએ એવો દાવો કર્યો છે જે સમગ્ર વિશ્વ માટે રાહતના સમાચાર છે. રશિયાએ કહ્યું કે તેણે કેન્સરની રસી બનાવી છે જે તમામ નાગરિકોને મફતમાં ઉપલબ્ધ થશે. સોમવારે રશિયન આરોગ્ય મંત્રાલયે જાહેરાત કરી કે તેણે કેન્સર સામે એક રસી વિકસાવી છે જે ૨૦૨૫ ની શરૂઆતથી રશિયામાં કેન્સરના દર્દીઓને મફતમાં આપવામાં આવશે. રશિયન સરકારી સમાચાર એજન્સી TASS અનુસાર, રશિયન સ્વાસ્થ્ય મંત્રાલયના રેડિયોલોજી મેડિકલ રિસર્ચ સેન્ટરના જનરલ ડાયરેક્ટર એન્ડ્રે કેપ્રિનિ રશિયન રેડિયો ચેનલ પર આ રસી વિશે માહિતી આપી હતી. રસી ગાંઠની વૃદ્ધિને અવરોધે છે અને કેન્સરને ફેલાતા અટકાવી શકે છે. દેખીતી રીતે આ રસીનો ઉપયોગ કેન્સરના દર્દીઓની સારવાર માટે કરવામાં આવશે તેના બદલે કેન્સરને રોકવા માટે સામાન્ય લોકોને આપવામાં આવશે. આ રસી દરેક પ્રકારના કેન્સરના દર્દીને આપી શકાય છે.

રશિયન આરોગ્ય મંત્રાલયે જાહેરાતની પુષ્ટિ કરી અને રસી કેવી રીતે કામ કરે છે તેની સ્પષ્ટતા કરી. હાલમાં તે અસ્પષ્ટ છે કે રસી કયા કેન્સરની સારવાર કરશે, તે કેટલી અસરકારક છે અથવા તો રસી શું કહેવાય છે. તે વૈજ્ઞાનિક રીતે શકય છે કે કેન્સરને લક્ષ્ય બનાવવા માટે અમુક પ્રકારની રસી વિકસાવવામાં આવી શકે છે. બાકીના વિશ્વની જેમ રશિયામાં પણ કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે.

# ભારત-અમેરીકા વચ્ચે ટ્રેડવોર ફાટી નીકળશે ટ્રમ્પે બમણો ટેકસ લાદવાની ધમકી આપી

વોશિંગ્ટન તા.૧૮

અમેરિકાના આગામી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર રેસિપ્રોકલ ટેક્સ લાદવાની ધમકી આપી છે. એટલે કે ભારત અમેરિકન ઉત્પાદનો પર જેટલો ટેક્સ લાદશે એટલો જ હવે ડોનાલ્ડ ટ્રમ્પ પણ ભારતીય ઉત્પાદનો પર ટેક્સ લાગુ કરશે. એટલેકે એમ કહી શકાય કે હવે ભારત અને અમેરિકા વચ્ચે પણ ટેરિફ વોર ભડકવાની શક્યતા છે.

ડોનાલ્ડ ટ્રમ્પે અમુક અમેરિકન ઉત્પાદનોની આયાત પર ભારત દ્વારા લાદવામાં આવેલા "હાઈ ટેરિફ" ના જવાબમાં રેસિપ્રોકલ ટેરિફ લાદવાના તેમના ઈરાદાઓનું પુનરાવર્તન કરીને ભારતને સીધી ધમકી આપી દીધી છે. ડોનાલ્ડ ટ્રમ્પ કહ્યું હતું કે, "રેસિપ્રોકલ, ભારત અમારા પર જેટલો ટેક્સ લગાવે છે, તેના જવાબરૂપે અમે પણ તેમના પર સમાન ટેક્સ લગાવીશું. ટ્રમ્પ ખુલ્લેઆમ કહ્યું કે ભારત અમારા પર બેફામ ટેક્સ લગાવે છે અને લગભગ દરેક મામલે ટેક્સ વસૂલે છે અને અમે તેમને માફ કરી દઈએ છીએ. જે હવે નહીં ચાલે. ટ્રમ્પની ધમકીના પગલે ભારત-અમેરીકા વેપાર પર ફટકો પડી શકે છે.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

અગ્રણી વેપારી વિનુભાઈ દેકીવાડીયા જૂનાગઢ


# વરસાદના વિઘ્નને પગલે ભારત-ઓસ્ટ્રેલીયા ત્રીજી ટેસ્ટ ડ્રો જાહેર થઈ

ગાબા તા.૧૮

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાલી રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ટેસ્ટ ડ્રો થઈ છે. બ્રિસ્બેનના ધ ગાબા મેદાન પર આજે મેચના અંતિમ દિવસે ઓસ્ટ્રેલિયાએ ભારતને ૨૭૫ રનનો ટાર્ગેટ આપ્યો હતો, પરંતુ વરસાદને કારણે દિવસની રમત રદ કરવામાં આવી હતી અને મેચ ડ્રો થઈ હતી. અહીં એક દિવસમાં માત્ર ૨૪ ઓવર જ નાખી શકાઈ હતી. વરસાદ આવે તે પહેલા ભારતીય ટીમે બીજા દાવમાં વિના વિકેટે ૮ રન બનાવી લીધા હતા. યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલ અણનમ પરત ફર્યા હતા. આ પહેલા ભારતના ફાસ્ટ બોલરોએ ઓસ્ટ્રેલિયાની ૭ વિકેટ ૮૯ રનમાં પાડી દીધી હતી, ત્યારબાદ કેપ્ટન પેટ કમિન્સે ઈનિંગ્સ ડિકલેર કરી હતી. સવારે ભારતીય ટીમ પ્રથમ ઈનિંગમાં ૨૬૦ રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી.

# આર.અશ્વિનની ક્રિકેટને અલવિદા તમામ ફોર્મેટમાંથી નિવૃતિ જાહેર કરી



ગાબા તા.૧૮

ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર રવિચંદ્રન અશ્વિને ઈન્ટરનેશનલ ક્રિકેટના બધા જ ફોર્મેટમાંથી રિટાયરમેન્ટ લેવાની જાહેરાત કરી છે. મેચ પછી તે પ્રેસ કોન્ફરન્સમાં રોહિત શર્મા સાથે આવ્યો હતો. અને પ્રેસ કોન્ફરન્સમાં જ નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેણે કહ્યું કે હું ક્રિકેટના બધા જ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું. ભારતીય ટીમ સાથે આજે મારો છેલ્લો દિવસ હતો.

સિરીઝમાં ૧-૧ની બરાબરી સાથે, અશ્વિને એડિલેડમાં બીજી ટેસ્ટમાં પ્રદર્શન કર્યા બાદ નિવૃત્તિની જાહેરાત કરી હતી. અશ્વિને ત્રણેય ફોર્મેટમાં ૨૮૭ મેચ રમી અને ૭૬૫ વિકેટ લીધી. તે ભારતનો બીજો સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. તેનાથી આગળ માત્ર અનિલ કુંબલે છે જેણે ૬૧૯ વિકેટ લીધી છે.

# ગેરકાનૂની બાંધકામને કયારેય કાયદેસર બનાવી શકાય નહીં : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી,તા.૧૮

સુપ્રિમ કોર્ટે ગેરકાયદે નિર્માણને લઈને એક મોટો નિર્ણય કરી ગેરકાયદે નિર્માણ પર અંકુશ લગાવવા માટે અનેક દિશા નિર્દેશ જાહેર કરતાં કહ્યું હતું કે માત્ર પ્રશાસનિક વિલંબ સમય વીતી જવા કે આર્થિક રોકાણના આધાર પર અનધિકૃત નિર્માણને કાયદાકીય ન ઠેરવી શકાય. જસ્ટીસ જે.બી. પારડીવાળા અને આર.માધવનની ખંડપીઠે મેરઠનાં શાસ્ત્રીનગર સ્થિત સેન્ટ્રલ માર્કેટમાં આવાસીય ભૂખંડમાં ગેરકાયદે વ્યાવસાયિક નિર્માણને ધ્વસ્ત કરવાના અલાહાબાદ હાઈકોર્ટનાં ચુકાદાને યથાવત રાખ્યો છે અને દેશભરમાં ગેરકાયદે નિર્માણ રોકવા માટે બધા રાજયો અને કેન્દ્ર શાસીત રાજયોને દિશા-નિર્દેશ જાહેર કર્યા છે. બેન્ચે અલહાબાદ હાઈકોર્ટના ૨૦૧૪ ના ફેસલાને પડકારતી અપીલોને ફગાવી દીધી હતી. સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે દેશભરમાં બિલ્ડરોએ પોતાના પ્રોજેકટનો નકશો પાસ કરાવતી વખતે સંબંધીત ઓથોરીટી કે નિગમ સમક્ષ આ બાબતનુ સોગંદનામું આપવુ પડશે કે નિર્માણ કાર્ય પુરૂ થયા બાદ જ લાભાર્થી કે ખરીદનારને મકાનનો કબ્જો આપવામાં આવશે.સુપ્રિમ કોર્ટે એ પણ આદેશ કર્યો હતો કે નકશામાં કોઈપણ પ્રકારની છેડછાડ બાદ કાર્યપૂર્તિ કે કબજા પ્રમાણપત્ર જાહેર નહીં કરાય.


**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S., C.C.P.
સોમવાર થી શનિવાર – સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ સુધી
સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સુધી

ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ – પિત્ત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર

ભગંદર, હરસ–મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર

આયુર્વેદ-પંચકર્મ જેમકે વમન, વીરેચન, બસ્તિ, નસ્ય, રકતમોક્ષણ, શિરોધારા, અભ્યંગ, સ્વેદન (માલીસ શેક) જાનુબસ્તિ કટિબસ્તિ વિગેરે દ્વારા નવા-જૂના રોગોની સારવાર

અગ્નિકર્મ–ક્ષારસુત્ર–ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર

ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

ॐ આયુર્વેદ હોસ્પિટલ
Aum Ayurved Hospital
પ્લેટીનમ–૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
e_mail : aum.ayurved.hospital@gmail.com

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005

અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~

હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
+
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપૂર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5060/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.

કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.




KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિત્તાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જૂનાગઢ.

મકાન વેંચવાનું છે
જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ 300 વાર જમીન મકાન સાથે વેંચવાનું છે
:: કોન્ટેક ::
મો. ૯૯૦૧૨ ૭૨૯૯૫

# PMJAY-મા યોજના અંતર્ગત ગેરરિતી બદલ ગત અઠવાડિયામાં ૨ હોસ્પિટલ સસ્પેન્ડ અને ૨ ને પેનલ્ટી

**રાજકોટની ૨ હોસ્પિટલ સસ્પેન્ડ, ભરૂચ અને વડોદરાની હોસ્પિટલ સામે ગેરરીતિ બદલ પેનલ્ટી : ટ્યુબર બોર્ડના સર્ટીફિકેટના સહી સિક્કામાં છેડછાડ, સર્જરી માટેની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન,બી.યુ. અને ફાયર સેફ્ટી સર્ટિફિકેટના અભાવ અને સોનોગ્રાફીની પ્લેટ સાથેના છેડછાડ સહિતના કારણોસર હોસ્પિટલ્સને સસ્પેન્ડ કરાઇ તેમજ દંડ ફડકારવામાં આવ્યો : બે હોસ્પિટલમાં કુલ રૂા.૩.૨૮ કરોડથી વધુની રકમની પેનલ્ટી અને ક્ષતિઓની : પૂર્તતા ન થાય ત્યાં સુધી યોજનામાંથી સસ્પેન્ડની કાર્યવાહી કરાઇ**

(પ્રતિનિધિ દ્વારા)


ગાંધીનગર તા.૧૮

પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી રાજ્યની કોઈપણ હોસ્પિટલ કે ડોકટરની કામગીરીને સાંખી નહી લેવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે. તાજેતરમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી ઘટનાઓ સામે આવી છે જેના પગલે રાજ્યના આરોગ્ય વિભાગે આ હોસ્પિટલ્સ અને ડૉક્ટર્સ સામે કડકમાં કડક કાર્યવાહી આરંભી છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓના દર્દને દૂર કરવા માટેની યોજના છે જેમાં ગેરરીતિ કોઈપણ ભોગે નહીં જ ચલાવી તેમ આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું છે. જેના ભાગરૂપે જ આ યોજના અંતર્ગત એમ્પેન્લ્ડ હોસ્પિટલ્સની કામગીરી પર ચાંપતી નઝર રાખવામાં આવી રહી છે. કોઈપણ દર્દી સાથે અન્યાય ન થાય તેનું સંપૂર્ણપણે ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય – મા યોજના અંતર્ગતની SAFU (સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ) એ તજજ્ઞ તબીબોની ટીમ સાથે રાખીને રાજ્યમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી શંકાસ્પદ હોસ્પિટલ્સની મુલાકાત કરી હતી. જેના અંતર્ગત ગત અઠવાડિયામાં રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ૪ હોસ્પિટલમાં ગેરરીતિઓ સામે આવી છે. રાજકોટની ક્રિષ્ના સર્જીકલ હોસ્પિટલ અને સ્વસ્તિક મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલને વિવિધ ત્રુટીઓ જણાતાં સસ્પેન્ડ તેમજ ભરૂચની જયાબેન મોદી હોસ્પિટલ અને વડોદરાની બેક્કર્સ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ગેરરીતિ બદલ પેનલ્ટી કરાઈ છે. રાજકોટની સ્વસ્તિક મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ઈનસ્યોરન્સ કંપની દ્વારા ઓડિટ કરવામાં આવ્યું હતુ. જેમાં કુલ ૧૯૬ કેસમાં USG (અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી) પ્લેટ અને HPE (હિસ્ટોપેથોલોજીકલ એકઝામીનેશન) રીપોર્ટમાં છેડછાડ જોવા મળેલ હતી. જેના પરિણામે હોસ્પિટલને યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવેલ છે અને હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા જો કોઈ અન્ય હોસ્પિટલ કાર્યરત હશે તો તેના પર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. યોજનાની માર્ગદર્શિકા મુજબ કુલ રૂા.૨,૯૪,૯૦,૦૦૦/- પેનલ્ટી કરવામાં આવેલ છે. ઉકત ક્ષતિઓ સાથે સંલગ્ન સ્પેશ્યાલીસ્ટ ડો.રાજેશ કંડોરીયા (G-૨૩૬૪૦)ને યોજનામાંથી બરતરફ કરવામાં આવેલ છે. રાજકોટની જ ક્રિષ્ના સર્જીકલ હોસ્પિટલ હોસ્પિટલનું બી. યુ. સર્ટીફીકેટ અને ફાયર એન.ઓ.સી. Expired થઈ ગયું હોવાનું ધ્યાને આવ્યું. તદઉપરાંત હોસ્પિટલ પાસે AERB સર્ટીફિકેટ પણ ન હતું. યોજનાની માર્ગદર્શિકા અનુસાર હોસ્પીટલમાં જરૂરી મેનપાવર હાજર ન હતા. હોસ્પીટલમાં ICU માં સ્વચ્છતા બાબતે અભાવ જોવા મળેલ હતો. ઓટી નોટ અને Anesthesia નોટમાં ડોકટર દ્વારા દર્શાવેલ માહિતીમાં વિસંગતા જોવા મળેલ હતી. જે બદલ ક્રિષ્ના સર્જીકલ હોસ્પિટલ - ઉપલેટા ને યોજના અંતર્ગત ઉકત ક્ષતિઓની પૂતર્તા ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવી છે. ભરૂચ ખાતેની જયાબેન મોદી હોસ્પિટલમાં હોસ્પિટલ તંત્ર દ્વારા ટ્યુમર બોર્ડ સર્ટીફીકેટ (TBC)માં સહી અને સિક્કામાં ગેરરીતિ આચરીને TMS સોફટવેરમાં અપલોડ કર્યા હોવાનું ધ્યાને આવ્યું. જેના પરિણામે હોસ્પિટલ દ્વારા આચરવામાં આવેલ ક્ષતિને ધ્યાને લઈ હાલમાં પ્રી-ઓથની કુલ રૂા.૩૩,૪૪,૦૩૧/- રકમ રીકવરી કરવામાં આવશે. અને તેની પેનલ્ટી અંગેનો નિર્ણય આગામી સમયમાં થનારી SGRC(સ્ટેટ ગ્રિવેન્સ રીડ્રેશલ કમીટિ) માં લેવામાં આવશે. વડોદરા ખાતેની બેક્કર્સ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ઓક્રોલોજી સર્જરીમાં આયુષ્માન યોજનાની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન થતું હોવાનું ધ્યાને આવ્યું. આ ગેરરીતિ બદલ હોસ્પિટલના પ્રી-ઓથની કુલ રૂા.૫૭,૫૧,૬૮૯/- રકમ રીકવરી કરવાનું તેની પેનલ્ટી અંગેનો નિર્ણય અગામી સમયમાં થનારી SGRCમાં લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. તાજેતરમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય - મા યોજના અંતર્ગત ગેરરિતીની ઘટનાઓ સામે આવી છે જેના પગલે રાજ્ય સરકારે યોજના અંતર્ગતની કાર્ડિયોલોજી અને કાર્ડિયોવાસ્ક્યુલર સર્જરી, રેડિયોથેરાપી અને નીઓનેટલ કેર સહિતની સારવાર માટેની નવી માર્ગદર્શિકા(SOP) બનાવી છે જે આવતીકાલે સંભવિતપણે જાહેર કરવામાં આવશે. રાજ્યના ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓને આ યોજના અંતર્ગત નિઃશુલ્ક સારવાર મળે એ જ રાજ્ય સરકારનો યોજનાના પ્રારંભથી સંકલ્પ રહ્યો છે. આ યોજનાની આડમાં ગેરરિતી આચરતી હોસ્પિટ્લસ અને ડોક્ટરની અમાનવીય પ્રવૃતિને કોઈપણ ભોગે સાંખી નહીં લેવાનો રાજ્ય સરકારનો સંકલ્પ છે.

## જૂનાગઢ કોર્પોરેશન દ્વારા ફૂટપાથ અને ખુલ્લી જગ્યા ઉપર આશ્રય લેતા લોકોને આશ્રય ગૃહમાં આશરો અપાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮



જૂનાગઢ શહેરમાં ફૂટપાથ ઉપર અથવા ખુલ્લી જગ્યા ઉપર આશરો લેતા ઘરવિહોણા અને જરૂરીયાતમંદ લોકો માટે મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા ચાર જેટલા આશ્રયગૃહ કાર્યરત છે. જેમાં જરૂરિયાતમંદ લોકો દ્વારા આશ્રયસ્થાનમાં આશ્રય લેવામાં આવે તે માટે મહાનગર પાલિકાના કમિશનર ડો.ઓમ પ્રકાશની સુચના અને નાયબ કમિશનરના માર્ગદર્શન હેઠળ પંડિત દીનદયાળ અંત્યોદય યોજના અંતર્ગત યુ.સી.ડી. શાખા દ્વારા સ્પેશિયલ નાઈટ ડ્રાઈવ હાથ ધરવામાં આવેલ છે. જેમાં ફૂટપાથ તથા ખુલ્લી જગ્યા ઉપર સુતા મજૂરો, ભિક્ષુકો અને જરૂરિયાતમંદ લોકોને સમજૂત કરી આશ્રય સ્થાન ઉપર આશરો લેવા માટે મહાનગર પાલિકા, જૂનાગઢની ટીમ અને જરૂર પડે ત્યાં પોલીસવિભાગને સાથે રાખી આ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. ઘરવિહોણા અને જરૂરીયાતમંદ લોકોને આશ્રય સ્થાન સુધી પોહચાડવામાં મદદરૂપ બનવા માટે સૌ શહેરીજનોને મહાનગર પાલિકા, જૂનાગઢ દ્વારા અપીલ કરવામાં આવે છે, જે અંતર્ગત શહેરીજનોને ઘરવિહોણા અને જરૂરીયાતમંદ લોકો માલુમ પડે તો મહાનગર પાલિકા દ્વારા સંચાલિત આશ્રય સ્થાન ત્રીજો માળ, સોરઠ ભવન, ગાંધી ચોક પાસે અને નરસિંહ મહેતા ચોરા પાસે આવેલ આશ્રય સ્થાનના મેનેજર અલ્તાફભાઈ કુરેશી મો. ૯૮૨૫૪ ૬૪૪૦૩, પીયુશભાઈ જાદવ મો.૭૬૨૧૦ ૭૮૫૭૪ અને અતીકભાઈ જાગા મો.૮૮૪૯૭ ૩૪૩૨૫ ઉપર સંપર્ક કરવા માટે જણાવવામાં આવે છે.

## જોષીપરા ઓવર બ્રિજની કામગીરી ચાલુ કરતા પહેલા ડાઈ વર્ઝન રોડ રસ્તાઓ ઉપર ગટર, ગેસ પાણી તથા અન્ય કેબલો નાખવાની કામગીરી પૂર્ણ કરવા કમિશ્નરને રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશ્નરને એક પત્ર પાઠવી પૂર્વ કોર્પોરેટર લલીત પરસાણાએ વિસ્તૃત રજુઆત કરતા જણાવેલ છે કે, હાલ મહાનગરપાલિકા દ્વારા જોષીપુરા રેલવે ઓવર બ્રિજની કામગીર ચાલુ કરવાની તૈયારીઓ થઈ રહી છે ત્યારે રેલવે ફાટક પાસે વૃક્ષોના કટીંગની કામગીરી ચાલુ છે સરદારપરાથી ગાંધી ચોક સુધીના રસ્તા કામગીરી દરમ્યાન બંધ કરવામાં આવશે જેથી કરી જોષીપરાથી સિટીમાં અને સિટીમાંથી જોષીપરા આવવા જવા માટે ગિરિરાજ રોડ થઈ જોષીપૂરા ફરજિયાત પ્રવેશ કરવો પડશે રોજનું હજારો લોકો જોશીપરા ફાટકનો ઉપયોગ કરે છે જે રસ્તો ઓવરબ્રિજની કામગીરી થતાં બંધ કરવો પડશે આ ગિરિરાજ રોડ ઉપર અને ઈન્ટર્નલ ગલીઓમાં વીસી પ્રોજેક્ટ દ્વારા પાણીની પાઈપલાઈન કામગીરી તમામ ગલીઓમાં બાકી છે તથા મુખ્ય રોડ ઉપર પણ મોટી મુખ્ય લાઈનો પસાર થાય છે જેમની કામગીરી મનપા દ્વારા ચાલુ કરવામાં આવેલ નથી ત્યારબાદ તમામ ગલીઓમાં ભૂગર્ભ ગટરની કામગીરી કરવાની બાકી છે અને પીજીવીસીએલના કેબલ પણ હરિદ્વાર સોસાયટી કે જે ડાઈવરજન રોડ થશે તેમાં કામગીરી બાકી છે આ તમામ કામગીરી જો પૂર્ણ કરવામાં નહીં આવે તો ત્રણથી પાંચ વર્ષ સુધી આ તમામ વસ્તુઓ અને સુવિધાઓથી આ વિસ્તાર વંચિત રહે છે અને નવા રોડ રસ્તા પણ ત્યાં સુધી બનાવી નહીં શકાય જેથી કરી ઓવરબ્રિજ ની કામગીરી ચાલુ કરતા પહેલા આ તમામ ગલીઓમાં ગેસ પાણી ગટર અને કેબલ નાખવાની કામગીરી પૂર્ણ કરી રોડ રસ્તાઓ બનાવી ત્યારબાદ ઓવરબ્રિજની કામગીરી ચાલુ કરવામાં આવે અને ચોમાસા દરમિયાન જોષીપૂરા અંડર બ્રિજ પણ પાણીથી ભરાઈ ગયેલ રહે છે જેથી કરી તેમના માટે પણ નકર આયોજન કરી ત્રણ વર્ષ સુધી લોકોને હેરાનગતિ ના થાય અને ડાઈવરજન રોડ પાંચ વર્ષની અંદર ફરી પાછા ખોદવામાં ન આવે તે રીતે આયોજન કરી અને કામગીરી કરવામાં આવે તો જનતાને અગવડતા ના પડે અન્યથા લોકોને અવાર જવર માટે આપવામાં આવેલ ડાઈવર્જન રોડ જો ખોદવામાં આવશે તો બાયપાસ થી જોષીપરા તરફ જવા માટે મજબૂર થવું પડશે અને શહેરમાં પણ ગાંધી ચોકથી લઈ બસ સ્ટેન્ડ સુધી ખૂબ જ ટ્રાફિક ની સમસ્યા થશે કારણકે હાલ પણ જ્યારે જોષીપુરા અન્ડરબ્રીજ બંધ હોય ત્યારે જોષીપરા ફાટક ખાતે ખૂબ જ ટ્રાફિક જામ થાય છે અને ટ્રાફિક પોલીસ પણ ચાર મહિના પૂરતા ત્યાં મૂકવા પડે છે ઓવર બ્રિજની કામગીરી દરમ્યાન કોઈપણ રોડ રસ્તાઓ જે ડાયવર્ઝન કરેલા છે અને જ્યાંથી પબ્લિક ત્રણથી પાંચ વર્ષ સુધી આવન જવન કરવાની છે તેમાં ક્યાંય પણ કામગીરી ખોદકામની કરવામાં ન આવે તે માટેનું આયોજન કરી ત્યારબાદ જ ઓવર બ્રિજની કામગીરી ચાલુ કરવા આપ સાહેબને વિનંતી છે ખાસ તો ચૂંટણીલક્ષી ઉતાવળે કામગીરી આયોજન વગર ન કરવા આપ સાહેબને વિનંતી છે અન્યથા લોકોને મુશ્કેલીની સીમા નહીં રહે અને પાંચ વર્ષ સુધી લોકો એક પણ રોડ ખોદવા પણ નહીં દે અને અન્ય ખોટા ઈસ્યુ ઉભા થાય તે ધ્યાનમાં રાખી અને લોકોને સાથે રાખી આંદોલન ન કરવા પડે તે તમામ બાબતો ધ્યાને રાખી આગળનું આયોજન કરવા વિનંતી. હાલ પણ નરસિંહ મહેતા તળાવ વાળો રોડ બંધ થતાં બસ ટેન્ડ ખાતે ખુબ જ ટ્રાફિક ની સમસ્યા વધી છે ઉપરથી આયોજન વગર જો જોષી પૂરા રેલવે ફાટક વાળો રોડ ઓવર બ્રિજની કામગીરી ને લીધે બંધ થશે તો ખુબ જ ટ્રાફિક જામ થશે એટલે પહેલા નરસિંહ મહેતા તળાવ વાળો મુખ્ય રસ્તો બની ચાલુ થાય અને ગિરિરાજ સોસાયટીથી આંબાવાડીથી લઈ ખલીલ પુર રોડ સુધીના સત્તાઓ નવા બનાવી ત્યાર બાદ જ બ્રિજની કામગીરી શરૂ કરવા જણાવેલ છે.

જૂનાગઢનાં ઝાંઝરડા રોડ વિસ્તારમાં ૧૨ દિવસ પહેલા બનેલા

## જીવલેણ હુમલાનાં બનાવમાં ઈજાગ્રસ્ત યુવાનનું સારવાર દરમ્યાન મૃત્યું થતાં ખૂનનો ગુનો દાખલ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢનાં ઝાંઝરડા રોડ પર પૈસા ઉછીના આપવા બાબતે મારામારી થતા અગાઉ સામસામે બી ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.દરમ્યાન મારામારીનાં આ બનાવમાં ઈજાગ્રસ્ત બનેલા ૨૩ વર્ષનાં મિહીરને અમદાવાદ ખાતે રીફર કરવામાં આવ્યો હતો. જયાં ગત સોમવારે સારવાર દરમ્યાન મિહીરનું મૃત્યું થતાં આ બનાવ હત્યામાં પલ્ટાયો હતો.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે રોહીતભાઈ હમીરભાઈ મુળીયાસીયાએ હિરેન કીરીટભાઈ જોટાંગીયા, કિરીટભાઈ જોટંગીયા, હિરેન જોટંગીયાની પત્ની અને હિરેન જોટંગીયાના માતા રહે.બધા નયન સોસાયટીની બાજુમાં, ઝાંઝરડા રોડ, જૂનાગઢવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી હતી કે, ફરીયાદીએ આરોપી હિરેનને દોઢેક વર્ષ પહેલા હિરેનની પત્નીની સારવાર માટે રૂા.૨૦,૦૦૦ હાથ ઉછીના આપેલ હોય જે ફરીયાદીએ રૂપીયા પરત માંગતા આરોપી હીરેને ફરીયાદીને બેફામ ગાળો આપી ફરીયાદી તથા સાહેદ મીહીર ઉપર જીવલેણ હુમલો કરી કાતર તથા અસ્ત્રા વડે સાહેદ મીહીરને માથાના ભાગે ચાર ઘા તથા ડાબા કાન ઉપર તથા ડાબા હાથના ભાગે તથા છાતીના ભાગે તથા જમણા પડખામા ગંભીર ઈજા કરી તથા ફરી.ને ડાબા પડખાના ભાગે અસ્ત્રાનો ઘા મારી ગંભીર જીવલેણ ઈજા કરી તથા આરોપી કિરીટભાઈએ ફરીયાદી તથા સાહેદ ઉપર છુટા પથ્થરનો ઘા કરી તથા હિરેનના માતા અને પત્નીએ ગાળાગાળી કરી સાહેદ મીહીરને શરીરે આડેધડ ઢીકાપાટુનો માર માર્યાની ફરીયાદ નોંધાવેલ જયારે સામાપક્ષે હિરેન જોટંગીયાએ રોહીત હમીરભાઈ મુળીયાસીયા, રાજુભાઈ હમીરભાઈ મુળીયાસીયા અને મિહીરભાઈ પ્રજાપતી વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ પોતાની નવી સલુનની દુકાન બનાવવા સારૂ આરોપી રોહીત અને રાજુભાઈ પાસેથી રૂા.૨૦,૦૦૦ દશ ટકા લેખે વ્યાજે લીધેલ હોય જેમા રૂા.૨૦૦-૨૦૦ના ત્રીસ હપ્તા વ્યાજ સહિતના ફરીયાદીએ આરોપીઓને ચુકવી આપેલ હોય અને બાકીના આર્થીક સંકળામણના લીધે ચુકવી ન શકતા ત્રણેય આરોપીઓએ ફરીયાદી પાસે મુળ રકમ તથા વ્યાજના રૂપીયાની ઉઘરાણી કરી ભુંડી ગાળો આપી ઢીકા પાટુનો માર મારી આરોપી મીહિરભાઈએ નાનુ પતરાનો કટકો ફરીયાદીને જમણા હાથમા આંગળીઓમા લગાડી નાનો છરકો કરી તથા સાહેદોને પણ મારામારીમાં શરીરે મુંઢ ઈજાઓ કર્યાની ફરીયાદ નોંધાવવામાં આવી હતી. દરમ્યાન મારામારીનાં આ બનાવમાં ઈજાગ્રસ્ત બનેલા મિહીરને અમદાવાદ ખાતે રીફર કરવામાં આવેલ જયાં સોમવારે સારવાર દરમ્યાન મિહીરનું મૃત્યું થતાં આ બનાવમાં પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અવસાન નોંધ

અમદાવાદ નિવાસીહાલ રાજકોટ હેમલતાબેન ચંદ્રવદન જોષી તે સ્વ.ચંદ્રવદન નાનાલાલ જોષી (રીટા.જેલ સુપ્રી.)ના ધર્મપત્ની તે મીતાબેન હરેશકુમાર રત્નેશ્વર અને પ્રિતીબેન રશ્મિકાંત રત્નેશ્વરનાં માતૃશ્રી તે સ્વ.હર્ષદરાય નાનાલાલ જોષી(ગાંધીનગર)ના ભાભીનું તા.૧૫-૧૨-૨૪ના રોજ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા.૧૯-૧૨-૨૪ને ગુરૂવારે સાંજે ૪ થી ૫-૩૦ શ્રી ધ્યાનશંકર પ્રગટેશ્વર મહાદેવ મંદિર, પ્રકાશ સોસાયટી, નિર્મલા કોન્વેન્ટ સામે, રાજકોટ ખાતે રાખેલ છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**મકાન વેંચવાનું છે**
જૂનાગઢમાં મેમણવાડા મસ્જીદ પાસે ૭૨ વારનું મકાન વેચાવ છે તો આપ અમારો સંપર્ક કરો
દાદાભાઈને મળો
મો. ૭૨૨૮૦ ૫૫૨૪૯

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
**વિજય ઘી ડીપો**
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**રોયલ ગેસ સ્ટવ**
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં
વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
**રોયલ ગેસ સ્ટવ**
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
**ધન્વંતરી** આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે"
**: સુભાષ :**
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

બેકરી શો-રૂમમાં કામ કરી શકે
અનુભવી માણસોની જરૂર છે
બહુ જ સારો પગાર મળશે
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# સિદ્દી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કેમ્પ દ્વારા સિદ્દી ભાઈઓ-બહેનોના રમત કૌશલ્યની ઓળખ



જૂનાગઢ, તા.૧૮

ગુજરાત સરકારશ્રીના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ગુજરાતમાં વસતા અને પોતાની અલગ ઓળખ ધરાવતા વિશેષ પ્રતિભાશાળી સિદ્દી ભાઈઓ-બહેનોને એક વિશેષ તક આપવા ગુજરાત કટીબંધ છે ત્યારે સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ જૂનાગઢ ખાતે રાજ્યકક્ષા સિદ્દી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કેમ્પનું આયોજન તા.૧૫/૧૨/૨૦૨૪ થી ૨૭/૧૨/૨૦૨૪ સુધી કરવામાં આવેલ છે. તે અંતર્ગત બહેનો અને ભાઈઓ એમ બે વિભાગમાં સાત દિવસીય તાલીમ શિબિર અને પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. જેમાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના નિષ્ણાંત કોચીઝ દ્વારા વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપી સિદ્દી ભાઈઓ-બહેનોના રમત કૌશલ્યની ઓળખ કરવામાં આવશે. અને વિશેષ સિદ્દી ભાઈઓ-બહેનોને હવે પછી વર્ષ ૨૦૨૫-૨૬ ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટસ સ્કૂલમાં ઢન્જીજીમાં પ્રવેશ આપવામાં આવશે. ગુજરાત સરકારના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ચાલતી **DLSS** યોજનામાં લાભાર્થી ભાઈઓ-બહેનોને વર્ષ દરમિયાન ૧,૭૦,૦૦૦/- થી વધુ પ્રતિ ખેલાડી ખર્ચ કરવામાં આવે છે. જેમાં ખેલાડીઓના શિક્ષણ, પ્રશિક્ષણ, નિવાસ, વૈજ્ઞાનિક ઢબે તાલીમ, ખેલાડીઓના સર્વાંગી વિકાસ માટે પોષ્ટિક આહાર, એક્સ્ટ્રા ડાયટ, નિવાસ, ટ્રેનીંગ એકસપોઝર, કોમ્પીટીશન એકસપોઝર, રમતના આધુનિક સાધનોની વ્યવસ્થા સરકારશ્રી દ્વારા કરવામાં આવે છે. આ યોજનામાંથી અગાઉ પસંદગી પામેલ સિદ્દી ભાઈઓ-બહેનો આંતરરાષ્ટ્રીયકક્ષાએ ઝળક્યા છે. જેમાં રોહિત મજ્ગુલ, દાનીશ મકવાણા, મુરાદ સીરમાન, મહેરુક મકવાણા, શાહીન દરજાદા ઉદાહરણરૂપ છે.

આ તાલીમ કેમ્પમાં ગુજરાતના દરેક જિલ્લાની જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા ડોર ટુ ડોર નોધણી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી. અને સમગ્ર ગુજરાતમાં ૮ થી ૧૪ વર્ષના બાળકોની જિલ્લાકક્ષાએ પ્રાથમિક પસંદગી કરવામાં આવેલી, જેઓના હવે રાજયકક્ષાએ સિદ્દી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કેમ્પ યોજવામાં આવેલ છે. જેની સત્તાવાર યાદી ભૂષણ કુમાર યાદવ, જિલ્લા રમત વિકાસ અધિકારી, દ્વારા જણાવવામાં આવે છે.

# કોડીનાર શિંગોડા નદીમાં મચ્છી પકડવા માટે નાખેલ જાળમાં યાયાવર પક્ષીઓનું ઝુંડ ફસાયું : ૫ જેટલા પક્ષીઓના મોત

## પ્રકૃતિ નેચર કલબ અને વન વિભાગે મહા મહેનતે પક્ષીઓને બચાવાયા




(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૮

હાલ શિયાળાની સિઝનમાં કોડીનારના અનેક વિસ્તારોમાં વિદેશી પક્ષીઓનું આગમન થાય છે ત્યારે ખાસ સાયબેરીયા અને ફ્રાન્સથી દર વર્ષે શિયાળામાં કોડીનારના આસપાસના નદી, તળાવો અને વેટલેન્ડ માં આવતા કાજીયા (કર્મોનેન્ટ) પક્ષી જેવો શેડ્યુલ-૨ માં આવે છે. આ પ્રવાસી વિદેશી પક્ષીઓનું એક ગ્રુપ કોડીનાર મધ્યમાં આવેલ શિંગોડા નદીમાં મચ્છી પકડવા નાખેલ જાળમાં ફસાઈ જતા પ્રકૃતિ પ્રેમીઓએ મહામુસીબતે જાળ કાપી મુક્ત કર્યા જે પૈકી અમુક પક્ષીઓ મૃત્યુ પામતા પ્રકૃતિ પ્રેમીઓમાં ઝાળ નાખનાર ઉપર ફિટકારની લાગણી વરસી છે. આ બનાવની વિગત જોઈએ તો કોડીનાર શહેરની મધ્યમાં શિંગોડા નદીના પટમાં માછીમારી કરવા માટે અજાણ્યા ઈસમોએ જાળ નાખેલ જેમાં આ વિદેશી કજિયા પક્ષીનું ગ્રુપ ફસાયેલ છે એવા ટેલિફોનીક સમાચાર પ્રકૃતિ નેચર કલબના સભ્યોને મળતા તેઓ આ વિદેશી પક્ષીઓને બચાવવા પોહચી ગયેલ આ ઘટનાની જાણ વન વિભાગના કર્મચારીઓને પણ થતાં તેઓ પણ ઘટના સ્થળે ધસી આવેલ અને તાત્કાલિક ધોરણે વન વિભાગ અને પ્રકૃતિ નેચર કલબના સભ્યોએ આ જાળમાં ફસાયેલ પક્ષીઓને મુક્ત કરવાની કામગીરી હાથ ધરી જાળ કાપી અને તમામ ફસાયેલા પક્ષીઓને મુક્ત કર્યા હતા જે પૈકી અમુક પક્ષીઓ કમનસીબે મૃત્યુ પામ્યા હતા. આ ઘટનાથી પ્રકૃતિ પ્રેમીઓમાં અને પક્ષી પ્રેમીઓમાં રોષ જોવા મળ્યો હતો અને જાળ નાખનાર શખ્સ માટે ફિટકારની લાગણી વરસાવી હતી.

આ બાબતે વનવિભાગ દ્વારા પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે જાળ મુળદ્વારકાના મુસાભાઈની છે અને તેમને પૂછપરછ કરતા જણાવેલ કે જાળ નાખવાની પરવાનગી મળેલ છે પરંતુ પરવાનગી મળેલ છે કે, નહિ તેની તપાસની કાર્યવાહી વન વિભાગ ચલાવી રહ્યા છે .પરંતુ આ બધી બાબતો વચ્ચે નિર્દોષ પક્ષીઓ નો શું વાંક છે.

# કેશોદનાં નાની ઘંસારી શિવ મંદિરે દિપમાળાના શણગાર સાથે સંધ્યા આરતીનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ, તા.૧૮

કેશોદ તાલુકાના નાની ઘંસારી ગામે શિવ મંદિરે રામાપીર મહીલા સત્સંગ મંડળ દ્વારા શિવ ભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શિવ ભાવ ભજન સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ગઈકાલે સોમવારનાં રોજ માગશર માસનું મહા આદ્રા નક્ષત્ર હતું. આ ખૂબ જ મહત્વનો દિવસ છે, આ દિવસે ભગવાન શિવ ભગવાન બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ લિંગ સ્વરૂપે પ્રગટ થયા હતા અને એ દિવસે લિંગની સૌપ્રથમ પૂજા ભગવાન બ્રહ્મા વિષ્ણુએ કરી હતી એ દિવસથી જ ભગવાન શિવના લિંગ સ્વરૂપની પૂજા શરૂ થઈ આ વખતે આ નક્ષત્ર તારીખ સોમવારે ૧૬/૧૨/૨૦૨૪ નાં હતુ માટે બધાંએ શિવ પૂજા કરવી શિવ દર્શન કરવા મંદિરે જવું એ દિવસે શિવલિંગના દર્શનનું કહી જ ના શકાય એટલું મહત્વ છે. ભકતો શિવ પૂજા અર્ચના આરતી કરે છે. મહાદેવ મંદિરે દીપ પ્રગટાવી શણગાર કરે છે, આ દિવસે શિવલિંગની પૂજા કરવાથી ૧૦૦ મહાશિવરાત્રીની પૂજાનું ફળ પ્રાપ્ત થાયછે એવુ માનવામાં આવે છે જે અનુસંધાને નાની ઘંસારી રામાપીર મહીલા સત્સંગ મંડળ દ્વારા શિવ ભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શિવ ભાવ ભજન દિપમાળા શિવલીંગ ફુલોનો શણગાર સાથે સંધ્યા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# મકરસંક્રાંતી પર્વ દરમ્યાન ચાઈનીઝ માંઝા- તુક્કલ, લંગર, લાઉડ સ્પીકર વગેરે ઉપર પ્રતિબંધ

જૂનાગઢ, તા.૧૮

આગામી દિવસોમાં આવી રહેલા મકરસંક્રાંતી તહેવારને લઈને ચાઈનીઝ તુક્કલ, લોન્ચર, લેન્ટર્ન, ચાઈનીઝ દોરી, નાઈલોન પ્લાસ્ટિક દોરી, કાચ પાયેલી દોરી વગેરે ઉપર જૂનાગઢ જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એન.એફ.ચૌધરી એ પ્રતિબંધ મૂક્યો છે. ચાઈનીઝ માંઝા, તુક્કલ તેમજ અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી ઉપરાંત પતંગ ચગાવવા માટે અન્ય હાનિકારક પદાર્થો જેમ કે, સિન્થેટિક માંઝા અથવા ટોકસીક, જેવા હાનિકારક પદાર્થોનો ઉપયોગ પ્રતિબંધિત છે. આ પ્રકારની સામગ્રી કોઈ વેપારી, વ્યક્તિ કે સંસ્થાએ ખરીદ, વેચાણ કે ઉપયોગ ન કરવા, જાનનું જોખમ થાય તે રીતે કોઈ પણ વ્યક્તિએ જાહેર માર્ગો, રસ્તા, ફૂટપાથ તેમજ ભયજનક હોય તેવી અગાસી પર પતંગ ઉડાવવા કે પકડવા દોડવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણ ન લખવા, જાહેરમાર્ગો ઉપર પશુઓ માટે ઘાસચારો વેચાણ કરવા ઉપરાંત ગાય કે, પશુઓને ઘાસચારો નાંખી ટ્રાફિક અવરોધ ઉભો ન કરવા, જાહેર જનતાને ત્રાસ થાય તે રીતે ખૂબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર ન વગાડવા, કપાયેલ પતંગો અને દોરા મેળવવા માટે ટેલીફોન કે વિજલાઈનના તાર પર લંગર ન નાંખવા તેમજ ટેલીફોન કે વિજલાઈનના તારમાં ફસાયેલ પતંગ કે દોરી ન કાઢવા આ આદેશમાં જણાવાયું છે. આ હુકમો તા.૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી અમલી રહેશે, જેનો ભંગ કરનાર શિક્ષાપાત્ર થશે.

# જૂનાગઢની વિશ્વવિખ્યાત ગિરનાર લીલી પરિક્રમામાં વેરાવળ એસ.ટી. ડેપોએ એક્સ્ટ્રા બસોના સંચાલન દ્વારા સૌથી વધુ આવક મેળવી



ગીર સોમનાથ, તા.૧૮

જૂનાગઢની વિશ્વવિખ્યાત ગિરનારની લીલી પરિક્રમા કરવા માટે દેશ દેશાવરમાંથી લોકો જૂનાગઢમાં પધારતા હોય છે. આ પ્રવાસીઓની સુવિધા માટે રાજયના એસટી તંત્ર દ્વારા વિશેષ બસની વ્યવસ્થા કરવામાં આવે છે.

આ લીલી પરિક્રમા દરમિયાન જૂનાગઢ એસ.ટી. ડિવિઝન હેઠળ આવતા ૯ ડેપોની એસ.ટી. બસ દોડાવવામાં આવી હતી. જેમાં આ વર્ષે પરિક્રમામાં એક્સ્ટ્રા બસ સંચાલનમાં વેરાવળ એસ.ટી.ડેપો દ્વારા સૌથી વધુ આવક મેળવવામાં આવી હતી. ગિરનાર લીલી પરિક્રમા-૨૦૨૪ના એકસ્ટ્રા બસ સંચાલનમાં વેરાવળ એસ.ટી. ડેપો દ્વારા રૂા.૨૬,૦૪,૭૧૩ ની આવક મળેવી ગત વર્ષ ૨૦૨૩ના પરિક્રમાના મેળાની આવકની સરખામણી કરતા ૩૨.૭૬ ટકાનો વધારો થયો હતો. જૂનાગઢ એસ.ટી. ડિવિઝનના ૯ ડેપોમાં વેરાવળ ડેપોએ સૌથી વધુ આવક મેળવી પ્રથમ સ્થાન મેળવતા વિભાગીય નિયામક એસ.ટી.જૂનાગઢ દ્વારા વેરાવળ એસ.ટી.ડેપોના મેનેજર દિલીપ શામળાને પ્રસંશાપત્ર આપી તેમને સન્માનિત પણ કરવામાં આવ્યાં હતાં.

# ખંભાળિયાના જૂની પેઢીના ખરા કુસ્તીકાર જયેષ્ઠારામબાપુનું ગાર્ડન ગ્રુપ દ્વારા કરાયું સન્માન




(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા. ૧૮

વર્તમાન સમયમાં હવે જ્યારે લોકો યોગ અને કસરતનું મહત્વ સમજી રહ્યા છે, ત્યારે દાયકાઓ અગાઉ કસરત અને કુસ્તી કરવા ઉપર ભાર મૂકીને નિરોગી જીવન જીવવાના આગ્રહી એવા જયેષ્ઠારામ બાપુ (ગુરૂજી)નું આજરોજ તેમના જન્મદિવસ નિમિત્તે ગાર્ડન ગ્રુપ દ્વારા ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. દાયકાઓ સુધી ખંભાળિયાના અનેક યુવાઓને કુસ્તીના દાવપેચ અને વિવિધ પ્રકારની કસરત શીખવતા શ્રી જયેષ્ઠારામ બાપુ (ગુરૂજી) દ્વારા ખૂબ મોટી સંખ્યામાં ખેલાડીઓ તૈયાર કરવામાં આવ્યા છે. ત્યારે પોતાનું સંપૂર્ણ જીવન લોકોની કસરત અને લોકો નિરોગી રહે તે માટે ખર્ચી નાખનારા શ્રી જયેષ્ઠારામ બાપુનો આજે ૮૪ મો જન્મદિવસ હોવાથી અહીંના ગાર્ડન ગ્રુપ દ્વારા તેમનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે લોકો કાયમી રીતે કસરત કરી અને નિરોગી રહે તે અંગેની જરૂરી સૂચનાઓ પણ તેમણે આપી હતી.

# જ્યુપીટર પબ્લીસીટીના સ્થાપક શ્રી બાબુભાઈ શાહની અનંતની સફરે વિદાય

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૮



જીવનમાં આપબળે જાહેરાત તથા મનોરંજનના વ્યવસાયમાં શૂન્યમાંથી સર્જન કરનાર શ્રી બાબુભાઈ ડાહ્યાભાઈ શાહનું ટુંકી માંદગી બાદ ૯૪ વર્ષની જૈફ વયે અવસાન થયેલ છે. જાહેરાતના વ્યવસાયની સાથે-સાથે તેઓએ ભારતના વિવિધ સર્કસ, એક્ઝીબીશન તથા અનેક મેજીક શોના સફળ આયોજનો કર્યા છે. નાનપણથી સર્કસ પ્રત્યેનો લગાવ તેમને ભારતના ખ્યાતનામ જેમિની તથા એપોલો સર્કસની ભાગીદારી તરફ લઈ ગયો. સર્કસ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા તેઓ ભારતના એક માત્ર ગુજરાતી હતા. તેઓ ઈન્ડીયન સર્કસ ફેડરેશનના ટ્રેઝરર તથા કારોબારી સભ્ય પણ રહી ચૂક્યા છે. તેમણે લુપ્ત થતી ભારતીય સર્કસ કલાને જીવંત રાખવા સરકારશ્રી સમક્ષ અનેક રજુઆતો કરેલ અને તેના ફળ સ્વરૂપે રાહત દરે સરકારી ગ્રાઉન્ડ, રાહત દરે ઈલેક્ટ્રીસીટી તથા મનોરંજન કરમાં માફી જેવા અનેક લાભો સર્કસ ઉદ્યોગને સાંપડયા છે.

# જૂનાગઢ જીલ્લામાં રવિ ઋતુઃ ૨૦૨૪માં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત 'ડીજીટલ ક્રોપ સર્વે' કામગીરી બાબત

જૂનાગઢ, તા.૧૮

ભારત સરકાર દ્વારા **Digital Agriculture** ના ભાગ રૂપે **Agristack Project** અમલમાં મુકેલ છે. ભારત સરકારની સુચના મુજબ ખરીફ-૨૦૨૪ થી **Agristack Project - DIGITAL CROP SURVEY** સંપુર્ણ ગુજરાત રાજયમાં અમલમાં મુકવામાં આવેલ.

આ યોજનાની ઝડપી અમલવારી તથા સુચારૂ આયોજન માટે જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની કમીટી અને પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાની કમીટીની રચના કરવામાં આવેલ છે. જૂનાગઢ જિલ્લામાં ખરીફ ઋતુમાં ડીજીટલ ક્રોપ સર્વેની એગ્રીસ્ટેક એપ્લીકેશન મારફત કુલ ૨૨૨૫૩૦ સર્વે નંબરમામાં વાવેતર કરેલ પાકનો સર્વે કરી ખેડુતો દ્વારા વાવેતર કરેલ પાકો તથા અન્ય વિગતો ઓનલાઈન કરવામાં આવેલ હતી.

એગ્રી સ્ટેક ડીજીટલ ક્રોપ સર્વે પ્રોજેક્ટ માં મહેસુલ વિભાગ, પંચાયત વિભાગ, ખેતીવાડી વિભાગ, બાગાયત વિભાગ, લેન્ડ રેકર્ડ વિભાગ વગેરે વિભાગો નું સપ્રમાણ પ્રતિનિધિત્વ જળવાય રહે તદ અનુસાર કામગીરી કરવાની હોય છે.

હાલ ચાલુ રવી ઋતુ ૨૦૨૪-૨૫ માટે જૂનાગઢ જિલ્લામાં ખેડુતો દ્વારા વાવેતર કરવામાં આવેલ પાકો જેવા કે ઘઉં, ચણા, જીરૂ, ધાણા, ડુંગળી, લસણ, શાકભાજી, ઘાસચારો, બહુ વર્ષાયુ બાગાયતી પાકો વગેરે નો ડીજીટલ ક્રોપ સર્વે એપ્લીકેશન મારફતે સર્વે કરી ખેડુતોની હકીકત લક્ષી વિગતો એકઠી કરવાની થાય છે, જે કામગીરી તા.૩૧-૦૧-૨૫ સુધીમાં પુર્ણ કરવાની રહેશે.(જૂનાગઢ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વાવેતર થયેલ રવિ પાકની પરિપક્વતા ની અવસ્થાને આધારે કામગીરી પુર્ણ કરવાની સમય મર્યાદામાં ફેરફાર થવાની શક્યતા રહેશે.)

આ યોજના અંતર્ગત જિલ્લાનાં દરેક જમીન ખાતા નંબરના તમામ સર્વે નંબરનું ભારત સરકારશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ મોબાઈલ એપ્લીકેશન દ્વારા **Geo-tagging** ફોટો સાથે વાવેતર કરેલ પાકોની વિગતો સર્વેયર મારફત એકત્રીત કરવાની થાય છે, સદરહું કામગીરી ગામનાં ફર્ન્ઈ/ ફઝઈ કે અન્ય મોબાઈલ ટેકનોલોજીનાં જાણકાર વ્યક્તિ દ્વારા કરાવવાની થાય છે. આ સર્વે માટે કામ કરવા ઈચ્છુક ગામનાં ટેકનોલોજીનાં જાણકાર અને ફીલ્ડ માં જઈ શકે તેવા વ્યક્તિ(સર્વેયર) ને એક સર્વે નંબરના સફળ સર્વે કરવા બદલ રૂપીયા ૧૦/- મેહેનતાણું આપવામાં આવશે. જેથી **Agristack Project - DIGITAL CROP SURVEY**ની કામગીરી કરવા માંગતા ટેક્નોલોજી નાં જાણકાર વ્યક્તિએ જે તે તાલુકાની તાલુકા પંચાયતનો સંપર્ક કરવા નાયબ ખેતી નિયામક(વિ.), જૂનાગઢ ની યાદી માં જણાવવામાં આવે છે.

# સુત્રાપાડા તાલુકાના મોરાસા પ્રાથમિક શાળામાં જીલ્લા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા.૧૮

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના મોરાસા મુકામે જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, જિલ્લા શિક્ષણ સમિતિ ગીર સોમનાથ, બીઆરસી ભવન સુત્રાપાડા અને શ્રી મોરાસા પ્રાથમિક શાળાના સંયુકત ઉપક્રમે ગીર સોમનાથ જિલ્લાનું વર્ષ ૨૦૨૪નું ૧૦મું, પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટેનું વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું .જિલ્લા શિક્ષણ તાલીમ ભવન પ્રાચાર્ય વી.એમ.પંપાણિયાના માર્ગદર્શન નીચે સમગ્ર કાર્યક્રમ યોજાયેલ જેમાં દરેક તાલુકા દીઠ ૫ પ્રાથમિક વિભાગની કૃતિઓ અને ૫ માધ્યમિક વિભાગ કૃતિઓએ પ્રદર્શનમાં ભાગ લીધેલ હતો. આમ એકંદર સમગ્ર પ્રદર્શનમાં કુલ અલગ અલગ પાંચ વિભાગોમાં થઈને પ્રાથમિક અને માધ્યમિક વિભાગની વિજ્ઞાન - ગણિત અને પર્યાવરણને લગતી કુલ ૬૦ કૃતિઓની રજૂઆત થઈ હતી.આજનો કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મંજુલાબેન કે. મુછાળના અધ્યક્ષ સ્થાને યોજાયેલ અને પ્રદર્શન માટે ખુલ્લો મુકાયેલ.આજના કાર્યક્રમમાં અતિથિ વિશેષ ૯૧ તાલાલા ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, ગીર સોમનાથ જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન પ્રકાશભાઈ ટાંક, ઉપપ્રમુખ જિલ્લા પંચાયત રાજવીરસિંહ ઝાલા, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ માનસિંહભાઈ પરમાર, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેન બાબુભાઈ પરમાર,ગીર સોમનાથ જિલ્લા ભાજપ ઉપ પ્રમુખ શૈલેન્દ્રસિંહ રાઠોડ, જિલ્લા ભાજપ મહામંત્રી દિલીપભાઈ બારડ,તાલુકા પંચાયત પ્રમુખ ખીમાભાઈ વાઝા, સુત્રાપાડા તાલુકા ભાજપ પ્રમુખ પ્રતાપભાઈ બારડ, જિલ્લા ભાજપ મંત્રી અને મોરાસા સરપંચ બહાદુરસિંહ ગોહેલ, જિલ્લા પંચાયત કો.ઓપ્ટ સભ્ય રામશીભાઈ પંપાણિયા, જિલ્લા પંચાયત શાસક પક્ષ નેતા પ્રતિનિધિ જાદવભાઈ ભોળા, તાલુકા વિકાસ અધિકારી પરમાર, નાયબ મામલતદાર શક્તિસિંહ, સૌરાષ્ટ્ર સિમેન્ટ કંપનીના વાઈસ પ્રેસિડેન્ટ ભીમાણી, મોડેલ સ્કૂલ ઈણાજના પ્રિન્સિપાલ અલ્પાબેન, ઉપસ્થિત રહેલ.આ સિવાય આજના કાર્યક્રમમાં બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરવા અમારા નિમંત્રણને માન આપીને તમામ તાલુકાના કેની, તમામ પ્રાથમિક અને માધ્યમિક સંઘના હોદ્દેદારો, ટીપીઓ, બીઆરસી, સીઆરસી તેમજ સમગ્ર શિક્ષા સ્ટાફ અને પે.સે.શાળાના આચાર્યશ્રીઓ અને ગામના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.ધારાસભ્યે પોતાના વકતવ્યમાં બાળકોને સ્વચ્છતા અને શારિરીક રીતે ફીટ રહેવા બાબતે ટકોર કરી હતી અને દરેક બાળ વૈજ્ઞાનિક પાસે જઈને એમની કૃતિનું પ્રેઝન્ટેશન નિહાળ્યું હતું આવતી કાલે ૧૭ અને ૧૮ તારીખે પણ તમામ બાળ વૈજ્ઞાનિકની કૃતિઓનું પ્રદર્શન કરવામાં આવશે.



સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

### તંત્રી લેખ

# વંચિત વર્ગોને અપાતી અનામત પર ડોળો

ભારતીય બંધારણના શિલ્પકાર ડો.આંબેડકરના મૂલ્યો અને શિક્ષાને આત્મસાત કરીને આપણે એક પ્રબુદ્ધ નાગરિક રૂપે એ રસ્તે ચાલવાની પ્રતિબદ્ધતાનો સંકલ્પ લઈએ. એવા જ સંકલ્પનું એક પાસું છે કે બંધારણીય ભાવ અને મૂલ્યોનો હ્રાસ ન થાય અને દેશકાળ તથા પરિસ્થિતિઓને અનુરૂપ તેમને સુસંગત કરાતા રહે. આપણા બંધારણ નિર્માતા આ સંદર્ભે બહુ દૂરદર્શી હતા. તેમણે આ લોકતાંત્રિક ગ્રંથને જડવત્ નહિ બનાવીને લચીલો બનાવ્યો. ભારતીય બંધારણની સફળતાઓમાં આ પાસાની વિશિષ્ટ ભૂમિકા પણ રહી છે. આ પાસું બંધારણની યોગ્ય વ્યાખ્યા માટે ગુંજાશ પ્રદાન કરે છે અને આ દાયિત્વ સંબંધિત સંસ્થાઓ સમયે સમયે પોતાના આ કર્તવ્યની પૂર્તિ પણ કરતી રહે છે. ગત દિવસોમાં સુપ્રીમ કોર્ટ દ્વારા ઈસાઈ પંથને અનુસરતી તમિલનાડુની એક મહિલાના અનુસૂચિત જાતિના લાભથી જોડાયેલી અરજી મામલે એવું જ કરવામાં આવ્યું હતું. સર્વોચ્ચ ન્યાયાલયે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવતાં અનુચ્છેદ-૨૫ના દુરુપયોગની વાત કહી. બંધારણના અનુચ્છેદ-૨૫ અંતઃકરણ તરફ ધર્મ એટલે કે પંથને નિર્બાધ રૂપે માનવા, આચરણ અને પ્રચાર કરવાની સ્વતંત્રતા પ્રદાન કરે છે, પરંતુ તેની આડમાં દેશમાં ધર્માંતરણનું ઘૃણિત ચક્ર ચલાવવામાં આવે છે.

ઈસાઈ અને ઈસ્લામ પંથમાં ધર્માંતરિત અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકોને અનામતના લાભ પર લાંબા સમયથી ચર્ચા ચાલી આવે છે. ભારતના બંધારણમાં શિક્ષમ, સેવા, સત્તા અને શાસનમાં અનુસૂચિત જાતિ-જનજાતિની યોગ્ય ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે અનામતની જોગવાઈ કરવામાં આવી. અસ્પૃશ્યતા વિરુદ્ધ ડો.ભીમરાવ આંબેડકરના લાંબા સંઘર્ષના નાતે તમામ પક્ષોના નેતા વાતે-વાતે તેમનું નામ લઈને રાજકીય રોટલા શેકવા માગે છે. રાજકીય પક્ષો અને ગઠબંધન તેનો ફાયદો ઉઠાવવા માટે ઈસ્લામી અને ઈસાઈ સંગઠનોના પક્ષકાર બનીને દેશમાં તેમના દ્વારા કરાઈ રહેલા છળબળથી ધર્માંતરણ પર મૌન છે. સમયે સમયે ઈસાઈ મિશનરીઓ દ્વારા અનુસૂચિત જાતિ અને જનજાતિના ધર્માંતરણના સમાચાર પ્રકાશિત થતા રહે છે. ભય કે લાલચની આડમાં ધર્માંતરણ કરાવનારા જ્યારે પકડાઈ જાય છે તો બંધારણના અનુચ્છેદ-૨ની આડ લઈને બચી નીકળે છે. બિહારના બક્સર જિલ્લામાં પાદરીઓએ ઈસાઈ પંથમાં મહિલાઓને વટલાવતી વખતે તેમના સેંથામાંનું સિંદૂર પણ ધોઈ નાખ્યું હતું. તેમની ધરપકડ પણ થઈ, પરંતુ બીજા જ દિવસે તેમને જામીન મળી જવાથી કાયદાની કમજોરી ઉજાગર થઈ ગઈ. અનુસૂચિત જાતિના લોકો દ્વારા ઈસાઈ કે ઈસ્લામ પંથ સ્વીકાર કરવાનો કોઈ પ્રમાણિક કેસ સામે એટલા માટે નથી આવી શકતો, કારણ કે અનુસૂચિત જાતિની જનગણનામાં માત્ર હિંદુ, શીખ અને બૌદ્ધનું જ કોલમ હોય છે. તેમના ઈસાઈ કે મુસલમાન હોવાનો ઉલ્લેખ નથી મળતો.

તમિલનાડુના ઉપરોક્ત મામલે સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદાથી એ સિદ્ધ થઈ ગયું કે અનુસૂચિત જાતિના લોકો ઈસાઈ બનતા રહે છે. એ જ રીતે જનજાતિ સમાજના લોકો ધર્માંતરિત થતા રહે છે. તેનાથી બધા વાકેફ છે, પરંતુ કોઈ સમસ્યાના મૂળ સુધી જવા તૈયાર નથી. જનજાતિ સમાજના ધર્માંતરણને કારણે પૂર્વોત્તરના નાગાલેન્ડ, મિઝોરમ અને મેઘાલય ઈસાઈ બહુલ રાજ્ય થઈ ગયાં છે. નજીકના ભવિષ્યમાં અરુણાચલ તથા મણિપુર પણ ઈસાઈ બહુલ થઈ જવાના અણસાર છે. ૧૯૪૭માં દેશનું એક વિભાજન તો થઈ ગયું. મિઝોરમના ઈસાઈ મુખ્યમંત્રીએ પણ ઈસાઈ દેશ બનાવવાની તરફેણ કરી હતી. એસસી-એસટી સમાજના ધર્માંતરણ કરી રહેલા ઈસાઈ અને ઈસ્લામી સંગઠનોથી બચાવવા માટે ડો.આંબેડકરના વિચારોને સામે લાવીને આ સમાજોને છળ-બળથી ધર્માંતરિત થવાથી રોકવો પડશે.

આંબેડકર જીવન ચરિત્રના લેખક ધનંજય કીરે બાબા સાહેબના દૃષ્ટિકોણને આ શબ્દોમાં અભિવ્યક્તિ આપી છે, - ‘જો અસ્પૃશ્યોએ ઈસ્લામ કે ઈસાઈ પંથનો સ્વીકાર કર્યો તો તેઓ હિંદુ ધર્મની સાથે જ હિંદુ સંસ્કૃતિથી પણ બહાર થઈ જશે. અસ્પૃશ્યોના ધર્માંતરણને કારણે સામાન્ય રૂપે દેશ પર શી અસર થશે, એ ધ્યાનમાં રાખવા જેવું છે. જો તેઓ મુસલમાન થયા તો મુસલમાનોની સંખ્યા બેગણી થઈ જશે. જો તેઓ ઈસાઈ થયા તો ઈસાઈઓની સંખ્યા પાંચ-છ કરોડ થઈ જશે. તેનું પરિણામ એ આવશે કે આ દેશ પર બ્રિટિશ સત્તાની પકડ વધુ મજબૂત થવામાં સહાયતા થશે.’ એવામાં કોઈ આશ્ચર્ય નહીં કે ‘મતોના સોદાગરો’ જ અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકો દ્વારા ધર્માંતરણ બાદ પણ તેમના અનામત આપવાની માંગ ઉઠાવતા રહ્યા છે. અનુસૂચિત જાતિની અનામત સંબંધે વિચાર કરવા માટે એક આયોગની રચના કરવામાં આવી છે. પૂર્વ મુખ્ય ન્યાયાધીશ કે.જી. બાલકૃષ્ણનની અધ્યક્ષતામાં ૬ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ રચાયેલ આયોગને ધર્માંતરિત દલિતોને એસસીનો દરજ્જો આપવાની સ્થિતિના વ્યાપક અધ્યયનનું કામ સોંપવામાં આવ્યં. આયોગનો કાર્યકાળ વધારીને ૧૦ ઓક્ટોબર ૨૦૨૫ કરી દેવામાં આવ્યો છે. એ ધ્યાન રાખવું જોઈએ કે ૧૯૫૦ના અનુચ્છેદ ૩૪૧ અંતર્ગત વર્તમાન કાનૂની માળખું માત્ર હિંદુ, શીખ અને બૌદ્ધ ધર્મના અનુયાયીઓને એસસીનો દરજ્જો આપવાની અનુમતિ આપે છે. આરંભમાં આ આદેશ માત્ર હિંદુ સમુદાય સુધી જ સીમિત હતો, પરંતુ ૧૯૫૬માં શીખ અને ૧૯૯૦માં બૌદ્ધ સમુદાયને પણ તેમાં સામલે કરવામાં આવ્યા. રાષ્ટ્ર અને સમાજના હિતમાં બંધારણમાં સંશોધન થતાં રહે છે. આગળ પણ થઈ શકે છે, પરંતુ એક વખત દેશનું વિભાજન થઈ ચૂક્યું છે તેથી મત-મજહબના પ્રચાર-પ્રસારના નામે ધર્માંતરણની છૂટ ન આપવી જોઈએ. તેની સાથે જ ધર્માંતરિત લોકોને અનામતનો લાભ ન મળે અને વંચિતોના હક્કમાં તરાપ ન વાગે, તેના માટે પણ કડક કાયદો બનાવવામાં આવે તે જરૂરી છે.

### છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

# અમેરિકામાં રહેતા NRIની જમીન ૨૮.૯૧ કરોડમાં બોગસ દસ્તાવેજો બનાવી વેચી કાઢી

## પાવરના આધારે મુખ્ય આરોપીએ જમીનનો બોગસ દસ્તાવેજ બનાવી જમીન વેચાણ કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત,તા.૧૮

અમેરિકાના વયોવૃદ્ધ એનઆરઆઈની પુણાગામ ખાતે આવેલી વડીલોપાર્જિત જમીનનો ૨૮ કરોડમાં સોદો પાડી વેચી મારવાના કૌભાંડમાં જમીન દલાલ, વકીલ સહિત ચાર આરોપીઓની આર્થિક ગુના નિવારણ શાખા ઈકો સેલ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ચાર પૈકીના એક આરોપીની તબિયત લથડતા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

જ્યારે અન્ય ત્રણની ધરપકડ કરી જમીનનો બોગસ દસ્તાવેજ બનાવવાના પ્રકરણમાં સંડોવાયેલ અન્ય શખ્સોની પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. મહત્વનું છે કે એન.આર.આઈ.ને વિશ્વાસ અને ભરોસામાં લઈ જમીનના અવેજ પેટે દર મહિને ભાડાની લાલચ આપી પાવર લખાવી લેવામાં આવ્યો હતો. જે પાવરના આધારે મુખ્ય આરોપી સહિત ચાર આરોપીઓએ કરોડોનું જમીન કૌભાંડ આચર્યું હતું.

બનાવની જો વિગતવાર વાત કરવામાં આવે તો, આ ત્રણ શખ્સો પર કરોડોની જમીન કૌભાંડનો આરોપ લાગ્યો છે. જે આરોપીઓએ જમીનના મૂળ માલિક પાસેથી પાવર લખાવી ૨૮ કરોડથી વધુની કિંમતે સોનાની લગડી, સામાન, જમીન અન્યને વેચી મારી હતી. પાવરના આધારે મુખ્ય આરોપીએ જમીનનો બોગસ દસ્તાવેજ બનાવી જમીન વેચાણ કરી હતી. જ્યાં મૂળ જમીન માલિકને આ બાબતની જાણ થતાં સુરત ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ આપવામાં આવી હતી. જે ફરિયાદના આધારે ક્રાઈમ બ્રાન્ચની ઈકો સેલ દ્વારા તપાસ હાથ ધરી જમીન દલાલ, વકીલ સહિત ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

સુરત આર્થિક ગુના નિવારણ શાખા ઈકો સેલના એસીપી જી.એ. સરવૈયાના જણાવ્યાનુસાર, અમેરિકામાં સ્થાયી થયેલા ઈશ્વર ચીમનભાઈ પટેલની પુણાગામ ખાતે વડીલોપાર્જિત જમીન આવેલી છે. અમેરિકાના ૮૨ વર્ષીય વયોવૃદ્ધ NRI ઈશ્વર ચીમન પટેલ આ જમીનના મૂળ માલિક છે. ઈશ્વર પટેલની ફરિયાદના આધારે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ભરત મનુ કોલડીયા, વિપુલ મોહન કાકડીયા, જયસુખ નાનજી સતાણી અને સંજય વલ્લભ માંગુકિયા સામે ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો.

જે પૈકી એકની તબિયત લથડતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. તમામની ઈકો સેલ દ્વારા સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી હતી.

પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, ઈશ્વર ભીખા પટેલની વડીલોપાર્જિત જમીન પુણાગામ ખાતે આવેલી છે. જે જમીનમાં ઈશ્વર પટેલની માતાનું નામ હોય મૃત્યુ બાદ વારસાઈ હક્કે ત્રણ બહેનોના નામ દાખલ થયા હતા. જે નામ કમી કરવા અને પુણાની જમીનોની દેખરેખ માટે ભરત કોલડીયાને વાત કરી હતી. કોલડીયાએ પરિચિત વકીલ વિપુલ કાકડીયાનો સંપર્ક કરાવ્યો હતો. જે બાદ વિશ્વાસ કેળવી છેડાછાની જમીનના કામ અલગ અલગ તારીખોમાં ઈશ્વરભાઈના ઘરે જઈ અલગ અલગ ડોક્યુમેન્ટ્સમાં સહી કરાવી લીધી હતી. જે અંગે ઈશ્વરભાઈને કામગીરીના વહીવટ બાબતેનો પાવર વંચાવી તે મુજબ પાવર તૈયાર કરાયો હતો. જે બાદ ઈશ્વરભાઈ અને તેમના વારસદારોને સમજાવી રજીસ્ટ્રાર જે કાંઈ પૂછે ત્યારે હા પાડવા કહ્યું હતું. જ્યાં વિશ્વાસ અને ભરોસાનો ગેરલાભ લઈ વકીલ વિપુલ કાકડીયાએ પાવર કરાવી લીધો હતો. જે પાવરનો ઉપયોગ કરી જમીન પચાવી પાડવાનો કારસો રચ્યો હતો.

વધુમાં કૌભાંડીઓએ ક્રિષ્ના યુનિટીને બારોબાર ૨૮.૯૧ કરોડમાં આ જમીન વેચી દીધી હતી. જ્યાં પેમેન્ટની બોગસ રસીદો બનાવી આખો ખેલ કર્યો હતો. પ્લાનિંગ મુજબ ખેલ પડાયો હતો. જેમાં મૂળ જમીનના માલિક ઈશ્વર પટેલને જમીનના અવેજ પેટે મહિને મસમોટું ભાડું અપાવવાની લાલચ આપી હતી. જે લાલચ મૂળ ફરિયાદીને આપી પાવર કરાવી લીધો હતી. જે પાવરના આધારે આરોપીઓએ જમીનનો બોગસ દસ્તાવેજ કરી જમીન કરોડોમાં વેચી કૌભાંડ આચર્યું હતું. જે કૌભાંડમાં હાલ ચાર શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે દર મહિને જમીનના અવેજ પેટે ભાડા આપવાની લાલચ આપી મુખ્ય આરોપીએ પાવર લખાવી લીધો હતો. જે પાવરના આધારે આરોપીઓએ જમીનનો બોગસ દસ્તાવેજ બનાવ્યો હતો.

જોકે આ બોગસ દસ્તાવેજ બનાવવામાં હજી કેટલા આરોપીઓ સંડોવાયેલા છે તે અંગેની વધુ તપાસ ઈકો સેલ દ્વારા હાથ ધરવામાં આવી છે. જે તપાસમાં હજી અન્ય આરોપીઓની ધરપકડ થાય તેવી શક્યતાઓ હાલ સેવાઈ રહી છે.

### બે બાળકીઓ અને એક બાળક પર નિર્દયતાનો મામલો સામે આવ્યો

# ભરૂચમાં બાળકી પર દુષ્કર્મ, દેશમાં બળાત્કારના ૩ કેસ, ૨ કેસમાં બાળકોની હત્યા

## ગુજરાતના ભરૂચમાં ૧૦ વર્ષની બાળકી પર બળાત્કારની ઘટના સામે આવી છે બીજી ઘટના બિહારના ભોજપુરની છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

ભરૂચ,તા.૧૯

દેશના ત્રણ રાજ્યોમાં બે બાળકીઓ અને એક બાળક પર નિર્દયતાનો મામલો સામે આવ્યો છે. ગુજરાતના ભરૂચમાં ૧૦ વર્ષની બાળકી પર બળાત્કારની ઘટના સામે આવી છે. બીજી ઘટના બિહારના ભોજપુરની છે, જ્યાં એક ૯ વર્ષની બાળકી પર બળાત્કાર કરવામાં આવ્યો હતો અને તેને માર મારવામાં આવ્યો હતો. ત્રીજી ઘટના ઉત્તર પ્રદેશના લખનૌની છે, જ્યાં એક ૫ વર્ષના બાળકનું અપહરણ કરવામાં આવ્યું હતું અને પછી તેની ક્રૂર હત્યા કરવામાં આવી હતી. એક કેસનો આરોપી ફરાર છે. જ્યારે અન્ય એક ઝડપાઈ ગયો છે. ત્રીજા કેસનો આરોપી હોસ્પિટલમાં દાખલ છે. પોલીસે ત્રણેય કેસમાં ગુનો નોંધ્યો છે. પરિવારજનોના નિવેદન નોંધ્યા બાદ ફરાર આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી છે. બિહાર કેસમાં આરોપીઓને ફાંસી આપવાની માંગ કરવામાં આવી છે.

ગુજરાતના ભરૂચમાં એક બાળકી પર ક્રૂરતાઃગુજરાતના ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં એક ગામમાં ૧૦ વર્ષની બાળકીને હવસનો શિકાર બનાવવામાં આવી હતી. આ જ વિસ્તારના એક વ્યક્તિએ યુવતી પર બળાત્કાર ગુજાર્યો હતો. જ્યારે બાળક રડતું જોવા મળ્યું, ત્યારે માતાએ તેની સંભાળ લીધી. તેના પ્રાઈવેટ પાર્ટમાંથી લોહી નીકળી રહ્યું હતું તેથી તેની માતા તેને હોસ્પિટલ લઈ ગઈ. જ્યારે ડોક્ટરોએ બાળકીની તપાસ કરી તો તેના પર બળાત્કાર થયો હોવાની પુષ્ટિ થઈ. તબીબોએ જ પોલીસને ફોન કરીને ઘટના અંગે જાણ કરી હતી. પોલીસે યુવતીનો મેડિકલ રિપોર્ટ લીધો અને તેનું નિવેદન નોંધ્યું. બાળકીની માતાના નિવેદન પણ લેવામાં આવ્યા હતા. યુવતીએ જ્યારે આરોપી વિશે જણાવ્યું તો પોલીસ તેની ધરપકડ કરવા ગઈ, પરંતુ તે ઘરે મળ્યો ન હતો. બાળકીની હાલત નાજુક હોવાથી તેને બરોડા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. યુવતીના પરિવારે ન્યાયની માંગ કરી છે.

લખનઉમાં ૫ વર્ષના બાળકની હત્યાઃઉત્તર પ્રદેશના લખનૌમાં ૫ વર્ષના બાળકનું અપહરણ કરીને તેની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. ચારબાગ રેલવે સ્ટેશનના રેલવે યાર્ડમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. ગુન્હો કર્યા બાદ આરોપી ફરાર થઈ ગયો હતો જે આજે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર બાળક તેની માતા સાથે રાજસ્થાનથી લખનૌ આવ્યો હતો અને બંને પ્રતાપગઢ જવાના હતા. રેલવે સ્ટેશન પર ટ્રેનની રાહ જોતી વખતે ઈબ્રાહિમ નામના વ્યક્તિએ બાળક સાથે મિત્રતા કરી અને તેને ખવડાવ્યું. જ્યારે બાળકની માતા ઊંઘી ગઈ ત્યારે ઈબ્રાહીમ બાળકને સાથે લઈ ગયો. માતા જાગી ત્યારે તેને બાળક મળ્યો ન હતો. આસપાસમાં શોધખોળ કરવા છતાં બાળક મળી શક્યો ન હતો. માતાએ જીઆરપીને જાણ કરી. શોધખોળ દરમિયાન બાળકનો મૃતદેહ રેલવે સ્ટેશન પરથી મળી આવ્યો હતો. તબીબી રીતે દુષ્કર્મની પુષ્ટિ કરી. માતાએ ઈબ્રાહિમ વિશે જણાવ્યું, જેને સીસીટીવી ફૂટેજ દ્વારા ઓળખવામાં આવ્યો અને પોલીસે તેની ધરપકડ કરી.

બિહારના ભોજપુરમાં યુવતીની હત્યા :બિહારના ભોજપુરમાં ૯ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારવામાં આવ્યો અને તેને માર મારવામાં આવ્યો. આ ઘટના પાડોશમાં રહેતા એક સદગત કાકા દ્વારા કરવામાં આવી હતી, જેમણે છોકરીને લોટ ખરીદવાના બહાને ઘરે બોલાવી હતી. બાળકીની લાશ તેના ઘરના રૂમમાંથી મળી આવી હતી. યુવતીના પરિવારજનોએ મૃતદેહ મૂકીને રસ્તો રોક્યો હતો અને આરોપીને ફાંસીની સજા, ૫૦ લાખ રૂપિયા વળતર અને સરકાર પાસેથી સરકારી નોકરીની માંગ કરી હતી. બાળકીને દાંતથી કરડવામાં આવ્યો હતો. તેને દિવાલ સાથે મારવામાં આવ્યો હતો. આરોપીની ઓળખ ૪૦ વર્ષીય નારાયણ સાઓ તરીકે થઈ હતી, જેને છોકરીના પરિવારના સભ્યો અને પડોશીઓએ માર માર્યો હતો. પોલીસે આરોપીને પોતાની કસ્ટડીમાં લીધો અને તેને સારવાર માટે આરા સદર હોસ્પિટલમાં દાખલ કર્યો. યુવતી તેના પિતાને કહીને નારાયણના ઘરે ગઈ હતી, તેથી પરિવારને નારાયણ પર શંકા ગઈ હતી. એસપી રાજ, એસપી પરિચય કુમાર, ટાઉન પોલીસ સ્ટેશનના વડા દેવરાજ રાય પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

### LCBને મળી મોટી સફળતા

# કાલાવડ તાલુકાના ધોળે દહાડે થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

## ગુનાઓને પણ અંજામ આપ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે જે બાબતે બંને આરોપીઓની વધુ પૂછપરછ ચલાવાઈ રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

જામનગર,તા.૧૯

જામનગર તાલુકાના નાનીવાવડી ગામમાં એક ખેડૂતના મકાનમાં ધોડે દહાડે ચોરી થઈ હતી અને માત્ર એક કલાક બંધ રહેલા મકાનમાંથી તસ્કરો રૂપિયા સાડા સાત લાખની કિંમતના સોના ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરી લઈ ગયા હતા. જે ચોરીનો ભેદ ઉકેલવામાં એલ.સી.બી.ની ટીમને સફળતા સાંપડી છે, અને બે તસ્કરોની અટકાયત કરી લઈ રૂપિયા ૨૧.૭૬ લાખની માલમતા કબજે કરી છે, જ્યારે એક મહિલા આરોપીની શોધ ખોળ હાથ કરી છે. કાલાવડ તાલુકાના નાની વાવડી ગામે રહેતા મનસુખભાઈ પરસોતમભાઈ સાંઘાણીના રહેણાક મકાનના ગત સપ્તાહે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ કોઈ પણ હથિયાર વડે મુખ્ય દરવાજા તથા ઓસરીની ગ્રીલ તોડી રૂમના નકુચાઓ તોડી, કબાટમાથી સોના,ચાંદીના દાગીના રોકડ રૂપીયા ની ચોરીનો બનાવ બનવા પામેલ હતો.જેથી સદરહુ ગુનો શોધી કાઢવા એલ.સી.બી.ટીમ સાથો સાથ ટેકનીકલ સેલ તથા હ્યુમન રીસોર્સનો ઉપયોગકરી, વણશોધાયેલ ચોરીનો ગૂનો શોધી કાઢવા કાર્યરત હતાદરમ્યાસન એલ.સી.બી. ના પી.આઈ. વી. એમ. લગારિયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ ના અરજણભાઈ કોડીયાતર, મયુદિનભાઈ સૈયદ,ધર્મેન્દ્રસિંહ જાડેજાને પેટ્રોલીંગ,દરમ્યાન સંયુકત રીતે બાતમીદારોથી બાતમી મળી હતી. નાની વાવડીમા ગામમા ઘરફોડ ચોરી કરવામા જીવણભાઈ અમરશીભાઈ વાઘેલા અને લાખાભાઈ વિનુભાઈ વાઘેલા (રહે.ધ્રોલ ટાઉન,લતિપુર રોડ દેવીપુજક વાસ) બન્નેએ અન્ય આરોપીઓ સાથે મળી ઘરફોડ ચોરીને અંજામ આપેલો છે.જે બન્ને ઈસમો તેમના હસ્તકની સ્પ્લેન્ડર મો.સા નંબર જીજે-૧૦ડીપી-૨૪૪૯ તથા જીજે-૧૦ઈએ-૬૭૭૧ મા બેસીને ચોરીના દાગીના વેચવા માટે જામનગર આવી રહ્યાં છે. તેવી હકીકત આધારે બન્નેને મહાપ્રભુજીની બેઠક પાસેથી પકડી પાડી કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશનને સોપી આપ્યા છે.તેઓ પાસેથી સોના દાગીના ૩૨૪ ગ્રામ ૩૫૦ મીલી ગ્રામ કિ.રૂ ૧૯૯૦૫૦૦, ચાંદીના દાગીના ૩૬૬ ગ્રામ કિ.રૂ ૧૯૦૦૦, રોકડ રૂપીયા ૮૨૦૦૦, મોબાઈલ ફોન-૧ કિ.રૂ ૫૦૦૦ સહિત કુલ ૨૧.૭૬ લાખની માલમતા કબજે કરી લેવામાં આવી છે.ઉપરાંત ચોરી ના ગુનામા વાપરેલાં હથિયારો ડીસમીસ, ગણેશીયો,પકડ, તેમજ બે મોટરસાયકલ પણ કબજે કરી લેવામાં આવ્યા છે. ભિક્ષાવૃત્તિ કરવાના વેશમાં ગામમાં પ્રવેશીને રેકી કર્યા પછી ચોરીને અંજામ આપતા હતા.

પોલીસે પકડી પાડેલા બંને તસ્કરો અન્ય એક મહિલા રમાબેન વાઘેલાને સાથે રાખીને ભિક્ષાવૃત્તિ કરવાના બહાને ગામમાં પ્રવેશતા હતા, અને રેકી કરી લીધા બાદ બંધ મકાનને નિશાન બનાવી લઈ ચોરી કરતા હોવાનું પોલીસને ધ્યાનમાં આવ્યું છે. આથી પોલીસે તેની અન્ય એક મહિલા સાગરીત ધ્રોલના દેવીપુજક વાસમાં રહેતી રમાબેન રાજુભાઈ વાઘેલાને ફરારી જાહેર કરી તેણીની શોધખોળ હાથ ધરી છે. તેઓએ જામનગર જિલ્લામાં અન્ય કેટલાક ગુનાઓને પણ અંજામ આપ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. જે બાબતે બંને આરોપીઓની વધુ પૂછપરછ ચલાવાઈ રહી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

પરસ્ત્રી, પરધન, પરનિંદા, પરિહાસ અને વડીલો સામે ચંચળતા આ સર્વનો ત્યાગ કરવો જોઈએ. - ચાણક્ય નીતિ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.અમરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર વદ-૩ સૌભાગ્ય સુંદરી વ્રત, સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૯:૧૭ ક.) તા.૧૮ ડિસેમ્બર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૧૬, પુષ્ય નક્ષત્ર, ઐન્દ્ર યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૨૭, સૂ.અ.૬:૦૯ આજનો દિવસ સવારે ૧૦:૦૬ ક. સુધી શુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: હર્ષ-ઉલ્લાસ ભર્યો દિવસ, ધાર્મિક કાર્યમાં ધન વપરાય.
વૃષભ:ધનલાભના યોગ છે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય.
મિથુન:વ્યર્થ વિવાદનો સામનો કરવો પડે. મહત્વના કાર્યો ટાળવા.
કર્ક: આર્થિક સમસ્યાનું નિરાકરણ થાય. રચનાત્મક કાર્યો થાય.
સિંહ: અટકેલા કાર્યો પૂર્ણ થાય. આર્થિક લાભ મળે.
કન્યા: પારિવારીક જીવનમાં વિષમતા રહે. ધીરજના ફળ મીઠા મળે.
તુલા: બેચેની ભર્યો દિવસ વિતે. આર્થિક વિકાસ મંદ રહે.
વૃશ્ચિક:આર્થિક લાભ થાય. પ્રિયજન સાથેની મુલાકાત સફળ બને.
ધન: વ્યર્થ ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.
મકર: લાભની આશા ઠગારી નીવડે. વિશ્વાસે વહાણ ન ચલાવવું.
કુંભ: નવિન સમાચાર મળે. આર્થિક ધનલાભ થાય.
મીન: મુસાફરી ટાળવી હિતાવહ. વ્યર્થ દિવસ રહે.

### દેશમાં મેડિકલ ડિવાઈસ બનાવવામાં ગુજરાત પ્રથમ ક્રમે

# રાજ્યના પહેલાં સેમીકન્ડકટર પ્લાન્ટનો સુરતમાં કેન્દ્રીય મંત્રીના હસ્તે પ્રારંભ

સુરત, તા.૧૮

સુરતથી ગુજરાતના પ્રથમ સેમીકન્ડકટર પ્લાન્ટનો પ્રારંભ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે કરવામાં આવ્યો હતો. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સુરતની સૂચિ સેમિકોન દ્વારા પલસાણા તાલુકાના બગુમરા ખાતે ૧૦૦ મિલિયન ડોલર (રૂા.૮૪૦ કરોડ)ના રોકાણ સાથે ગુજરાતના પ્રથમ અદ્યતન સેમીકન્ડકટર એસેમ્બલી અને ટેસ્ટિંગ પ્લાન્ટમાં ઈલેક્ટ્રોનિક ચીપ્સનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે. ૩૦ હજાર ચોરસ ફુટ વિસ્તારમાં નિર્માણ પામેલા આ પ્લાન્ટમાં પ્રતિદિન ત્રણ લાખ સેમીકન્ડકટર ચીપ્સનું ઉત્પાદન થશે. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ડિજિટલ ક્રાંતિ માટે અતિ મહત્ત્વના ગણાતા ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ માટે સૌથી અગત્યનું રો-મટીરીયલ સેમી કન્ડકટર છે. ગુજરાતમાં આ પ્રકારના ઉત્પાદનો શરૂ થાય અને માત્ર દેશને જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વને સેમિ કન્ડકટર પૂરા પાડી શકાય તે ઉદ્દેશ સાથે રાજ્યના ઉદ્યોગ સાહસિકો આગળ આવી રહ્યા છે. કોરોના કાળ બાદ સૂચિ સેમિકોન કંપની દ્વારા ખૂબ ઓછા સમયમાં પ્લાન્ટ સ્થાપીને કાર્યરત કરવામાં આવ્યો છે. મંત્રી સી.આર.પાટીલે કહ્યું કે, દેશમાં મેડિકલ ડિવાઈસ બનાવવામાં ગુજરાત પ્રથમ ક્રમે છે, જ્યારે ગુજરાતમાં મેડિકલ ડિવાઈસ બનાવવામાં સુરત પ્રથમ ક્રમે છે. તાપીથી વાપીની ધરતીનું પાણી જ ઉદ્યોગકારોને સાહસ કરવા પ્રેરે છે. આ ધરતીની તાસીર જ રહી છે કે ઉદ્યોગ સાહસિકો જે ક્ષેત્રમાં પ્રવેશ કરે એમાં ડંકો વગાડે છે. તેમણે સૂચિ સેમિકોનના સ્થાપક અશોક મહેતાને અભિનંદન આપતા કહ્યું કે, રૂા.૧,૫૦૦ની નોકરીથી કારકિર્દીની શરૂઆત કરનાર અશોકભાઈ આજે સેમી કન્ડકટર પ્લાન્ટમાં ૧,૫૦૦ હોનહાર ઈલેક્ટ્રોનિક એન્જિનિયરોને રોજગારી આપી રહ્યા છે એમ જણાવી તેમણે ઉદ્યોગકારોને રેઈન વોટર હાર્વેસ્ટિંગથી જળસંચયને વેગ આપી ભૂગર્ભ જળ ઊંચા લાવવામાં સહયોગી બનવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ગૃહ, ઉદ્યોગ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, કોઈપણ ઈલેક્ટ્રોનિક સાધન જેવા કે મોબાઈલ, ટીવી, કોમ્પ્યુટર, લેપટોપ, ઓટોમોબાઈલ, એ.સી., ડિજિટલ મેડિકલ ડિવાઈસ, ઈન્ટરનેટની ડેટ ટેકનોલોજી વગેરેમાં 'સેમીકન્ડકટર' ચાલક બળ હોય છે. વડાપ્રધાનના સેમી કન્ડકટર ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવાના વિઝનને સાકાર કરવાની ગુજરાત અને ગુજરાતીઓમાં ક્ષમતા છે, જે સૂચિ ગ્રુપે સાબિત કર્યું છે. સૂચિ ગ્રુપના સાહસથી માઈક્રો ચિપ્સના અન્ય ઉદ્યોગ સમૂહોને બુસ્ટ મળશે. ઔદ્યોગિક વિકાસ અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવામાં ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે, એટલે જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતને 'ગ્લોબલ ડેસ્ટિનેશન ફોર સેમીકન્ડકટર એન્ડ ઈલેકટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ' બનાવવા માટે સરકારે જાન્યુઆરી-૨૦૨૨માં સેમીકન્ડકટર પોલિસી અમલી બનાવી છે. જેના પરિણામે સેમીકન્ડકટર-માઈક્રો ચિપ્સ અને ડિસ્પ્લે નિર્માણ ક્ષેત્રની અગ્રણી કંપનીઓ ગુજરાત તરફ આકર્ષાઈ છે એમ સંઘવીએ જણાવ્યું હતું.

### સરકારના નાણાં વિભાગે પરિપત્ર જારી કરી ડીએ વધારાની કરી જાહેરાત

# રાજ્યના છઠ્ઠા પગાર પંચ હસ્તકના સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં કરાયો વધારો

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત સરકારે કર્મચારીઓના હિતમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. છઠ્ઠા પગાર પંચ હસ્તકના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૭ ટકાનો વધારો કરાયો છે. આ સાથે પાંચ માસની તફાવતની રકમ ડિસેમ્બરના પગાર સાથે જાન્યુઆરી માસમાં ચૂકવાશે. સરકારના આ નિર્ણયને લઈ નાણાં વિભાગ દ્વારા સત્તાવાર પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. નાણાં વિભાગના પરિપત્રમાં જણાવાયું છે કે, ''નાણાં વિભાગના તા.૦૪/૦૭/૨૦૨૪ના સરકારી ઠરાવથી છઠ્ઠા પગારપંચ મુજબ પગાર મેળવતા કર્મચારીઓને તા.૧/૧/૨૦૨૪ની અસરથી ૨૩૯% મુજબ મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. પુખ્ત વિચારણા બાદ, રાજ્ય સરકારે છઠ્ઠા પગારપંચ મુજબ પગાર મેળવતા કર્મચારીઓ અને પેન્શનરોના કિસ્સામાં ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક દરમાં તા.૧/૭/૨૦૨૪થી નીચે મુજબ વધારો કરીને ચૂકવવાનું નક્કી કરેલ છે. કર્મચારીઓના કિસ્સામાં, ડિસેમ્બર-૨૦૨૪ માસથી ૨૪૬% મુજબનું મોંઘવારી ભથ્થુ માસિક પગાર સાથે નિયમિત રીતે તથા સુચિત મોંઘવારી ભથ્થાના જુલાઈ-૨૦૨૪થી નવેમ્બર-૨૦૨૪ માસ સુધીના કુલ- ૫ માસના તફાવતની રકમ ડિસેમ્બર માસના પગાર સાથે(પેઈડ ઈન જાન્યુઆરી-૨૦૨૫) ચૂકવવાની જાહેરાત કરાઈ છે. વધુમાં પરિપત્રમાં જણાવાયું છે કે, ''રાજ્ય સરકાર હેઠળના પેન્શનરોના કિસ્સામાં, જુલાઈ-૨૦૨૪થી નવેમ્બર-૨૦૨૪સુધીના કુલ-૫ માસના થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણત્રીમાં લેવામાં આવશે નહીં. આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી વર્ગ, સહાયક અનુદાન લેતી બિન-સરકારી શાળાઓના તમામ કર્મચારીઓને લાગુ પડશે. રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર જે કર્મચારીઓ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૦૯ હેઠળના પગારધોરણમાં પગાર મેળવતા હોય તેઓને આ ઠરાવની જોગવાઈ મુજબ વધારો મળવાપાત્ર થશે''. ''પ્રસ્તુત ઠરાવનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલીપામેલ વ્યક્તિઓને તેમજ કામ પૂરતા મહેકમના કર્મચારીઓને આપવામાં આવશે. તે જ પ્રમાણે પંચાયતો, સ્થાનિક સંસ્થાઓ અને નગરપાલિકાઓએ તેમના કર્મચારીઓને મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન-સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકો તેમજ તે જ પ્રમાણે સહાયક અનુદાન લેતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતું ખર્ચ આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ એ શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે, આ રીતે મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતાં વધારે ન થવો જોઈએ'' તેમ પરિપત્રમાં વધુમાં જણાવાયું છે.

# રાજ્યમાં ગેરકાયદેસર બાંધકામ નિયમિત કરવા માટે ઈમ્પેકટ ફીની મુદતમાં વધારો

ગાંધીનગર,તા.૧૮

રાજયમાં બાંધાયેલ ગેરકાયદેસર બાંધકામો નિયમિત એટલે કે કાયદેસર કરવા માટે સરકાર દ્વારા લવાયેલ ઈમ્પેકટ ફીની સ્કીમનો વધુ લોકો લાભ લે તેવા આશયે તેની મુદતમાં વધારો કરવાનો નિર્ણય કરાયો છે. એટલે કે ઈમ્પેકટ ફી ભરવાની સમય મર્યાદામાં સરકારે વધારો કર્યો છે. સરકારે આ સમયસીમા છ મહિના લંબાવી છે. ઈમ્પેક્ટ ફી ભરવાની મુદત પુરી થઈ ગઈ છે. જો કે હવે ૬ મહિનાનો વધારે સમય સરકારે આપ્યો છે. શહેરમાં જે ઠેકાણે રહેણાક કે કોમર્શિયલ કોમ્પ્લેક્સ ઊભું થયું હોય અને તેમાં નિયમ બહારનું કોઈ બાંધકામ હોય અને જેને તોડવામાં આવે તો અન્ય લોકોને નુકસાન થાય તો તેવા કિસ્સામાં ઈમ્પેક્ટ ફી ભરીને તે બાંધકામને નિયમિત કરી આપી શકાય છે. જોકે આ બાંધકામ જાહેર સ્થળ કે માર્ગને અડીને આવેલું હોવું ન જોઈએ. આ સ્કીમમાં મિલકતના જે-તે માલિકે નિયત કરેલી ફી ભરવાની હોય છે અને આ બાંધકામ નિયમિત છે તેવું સર્ટિફિકેટ લેવું પડે છે. આ ફીનું ધોરણ શહેર અને તેના વિસ્તાર પ્રમાણે અલગ અલગ હોય છે. સત્તાતંત્રના ચોક્કસ વેરીફિકેશન પછી ફી ભરવાની પરવાનગી આપવામાં આવે છે. રેસિડેન્શિયલ અને કોમર્શિયલ ઈમ્પેક્ટ ફીના દરોમાં ઘણો મોટો તફાવત હોય છે. એટલે કે શહેરોના ગેરકાયદેસર બંધાયેલ બાંધકામને નિયમિત કરવા માટે સરકાર દ્વારા તેને તોડી પાડવા અગાઉ એક તક આપવામાં આવી હતી. તે બાદ હવે વધુ તક આપવાની જાહેરાત સમય વધારાના વધુ લોકો લાભ લેશે



એમ જણાય છે. ઈમ્પેકટ મુદ્દે સરકાર કહે છે કે, ઝડપી શહેરીકરણને કારણે શહેરી વસાહતોના કદ અને સ્કેલમાં વધારો થયો છે, પરિણામે મોટી સંખ્યામાં ઈમારતો પરવાનગી વિનાઅથવા નિયમોના ઉલ્લંઘનમાં બાંધવામાં આવી રહી છે. સરકારને લાગે છે કે, મોટી સંખ્યામાં આવી ઈમારતો અને રહેણાંક મકાનો છે, જો ઈમારતોને તોડી પાડવા અથવાબદલવામાં આવે તો કાયદો અને વ્યવસ્થાની સમસ્યા પણ સર્જાવાની શક્યતા છે. આ સાથે સરકારની દલીલ છે કે, આવી કાર્યવાહીથી ''સામાન્ય માણસને મુશ્કેલી'' થઈ શકે છે, કારણ કે મોટી સંખ્યામાં લોકોબેઘર થઈ જશે અને તેમની આજીવિકા ખોઈ બેસશે. એટલે કે ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવે તો ગરીબ મધ્યમ વર્ગના લોકોને તેની સીધી અસર થશે. જેનાથી તેઓને ઘર ગુમાવવા સાથે અન્ય નુકસાન પણ વેઠવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

# અભ્યાસક્રમ ઉપરાંત દક્ષિણના અન્ય રાજ્યો કરતાં તમિલનાડુમાં હિન્દી શીખતા લોકોની સંખ્યા વધી રહી છે

**તમિલનાડુમાં હિન્દી વર્ગોમાં શોખ તરીકે અથવા વ્યાવસાયિક કારણોસર સંખ્યાબંધ લોકો સાઈન અપ કરી રહ્યા છે, દક્ષિણના રાજ્યો પૈકી આ રાજ્યમાં સૌથી વધુ હિન્દી વર્ગની નોંધણી જોવા મળી છે**

ચેન્નાઈ, તા.૧૮

હિન્દી સાથે તમિલનાડુનો સંબંધ હંમેશાથી વિવાદમાં રહ્યો છે. તેથી જયારે કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણે કહ્યું કે, તમિલનાડુએ તેણીને તેના શાળાના દિવસોમાં હિન્દી શીખવાની મંજૂરી આપી ન હતી, ત્યારે તે ભાગ્યે જ આશ્ચર્યજનક હતું અને તેણીની આ ટિપ્પણીએ તેના ગૃહ રાજ્યમાં હલચલ મચાવી હતી. તમિલનાડુમાં હિન્દી લાગુ કરવાનો ઐતિહાસિક વિરોધ કરનાર શાસક દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે)એ કહ્યું કે, તે વધુ મહત્ત્વના મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવાની યુક્તિ છે. ભારતીય જનતા પાર્ટી (BJP) હિન્દીને 'એકીકરણની ભાષા' તરીકે પ્રમોટ કરી રહી છે. વર્ષોથી તમિલનાડુ મોટાભાગે હિન્દીને પ્રતિકારની દૃષ્ટિએ જોતું હતું. પરંતુ છેલ્લા ૧૫ વર્ષોમાં રાજ્યમાં શોખ તરીકે અથવા વ્યાવસાયિક કારણોસર હિન્દી વર્ગો માટે સાઈન અપ કરનારા લોકોની સંખ્યા વધી રહી છે. દક્ષિણભારત હિન્દી પ્રચાર સભા (DBHPS) જે દક્ષિણ ભારતમાં હિન્દીને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરાયેલી સંસ્થા છે તેમાં સ્વેચ્છાએ હિન્દી શીખતા તમિલનાડુમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦૯માં માત્ર ૨.૧૮ લાખથી ૨૦૧૯માં ધીમે-ધીમે વધીને ૫.૯૦ લાખ થઈ ગઈ છે. ટ્રસ્ટી મંડળ દ્વારા સંચાલિત, DBHPSએ ડિગ્રી આપવા માટે યુનિવર્સિટી તરીકે માન્યતા પ્રાપ્ત ખાનગી સંસ્થા છે. ૧૯૬૪માં તેને રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવી હોવાથી DBHPSને આંશિક રીતે કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવે છે.

હિન્દીમાં લોકોની રૂચિ એ સંકેત આપે છે કે, તેમના ઉપર ભાષા લાદવામાં આવતી નથી. અમે અહીં ભણાવવામાં આવતા અભ્યાસક્રમોની જાહેરાત કે પ્રચાર પણ કરતા નથી. પરંતુ લોકો સ્વેચ્છાએ જોડાય છે અને તેમની પરીક્ષા પૂર્ણ કરે છે. ગુટ્ટલે જણાવ્યું હતું કે, ૨૦૧૨થી પ્રવેશમાં ૨૫ ટકાનો વધારો થયો છે. જો કે, કોવિડ૧૯ રોગચાળા પછી તરત જ મંદી આવી હતી પરંતુ ત્યારથી સંખ્યામાં સતત વધારો થયો છે. ૨૦૨૦માં પ્રવેશ ઘટીને ૪.૮૫ લાખ થયો હતો અને ૨૦૨૧માં તે ઘટીને ૩.૪૭ લાખ થયો હતો. પરંતુ હવે હિન્દી શીખતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ધીમે-ધીમે વધારો થયો હતો અને ૨૦૨૩માં ૪.૧૪ લાખ લોકોએ નોંધણી કરી હતી અને વધુ વિદ્યાર્થીઓ હવે હિન્દી શીખી રહ્યા છે. આંકડાઓ એ પણ દર્શાવે છે કે, છેલ્લા પાંચ વર્ષમાં તમિલનાડુમાં તેલંગાણાને બાદ કરતાં દક્ષિણના રાજ્યોમાં સૌથી વધુ નોંધણી થઈ છે. ૨૦૨૩માં જ્યારે તમિલનાડુમાં ૪.૧૪ લાખ લોકોએ હિન્દી શીખવા માટે નોંધણી કરી હતી, ત્યારે આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં માત્ર ૧.૩૫ લાખ લોકોએ સાઈન અપ કર્યું હતું. કર્ણાટક અને કેરળમાં આ સંખ્યા ૧૦,૦૦૦ કરતાં ઓછી હતી, જ્યાં ગયા વર્ષે અનુક્રમે માત્ર ૬૬૦૭ અને ૮૪૨૨ લોકોએ હિન્દી વર્ગો માટે નોંધણી કરી હતી. જો કે, રાજ્યભરમાં અન્ય લાખો લોકો છે જેમણે



અનૌપચારિક બોલચાલના હિન્દી વર્ગો લીધા છે અને તેમની સંખ્યાનો ચોક્કસ અંદાજ લગાવી શકાતો નથી.

**હિન્દી શિક્ષણની વધતી માંગનું કારણ શું છે ? :**

ગુટ્ટલે કહ્યું કે, તે મોટાભાગે રાજયમાં બે ભાષાના ફોર્મ્યુલાને કારણે છે, જે અભ્યાસક્રમમાંથી હિન્દીને બાકાત રાખે છે. જો કે, મોટાભાગનાં રાજયો ત્રણ ભાષાના સૂત્રને અનુસરે છે જેના હેઠળ વિદ્યાર્થીઓ તેમના શાળા શિક્ષણ દરમ્યાન ઓછામાં ઓછી ત્રણ ભાષાઓ શીખે છે, તમિલનાડુ એકમાત્ર રાજય છે જેમાં બે ભાષાની નીતિ છે, જેનું તે ૧૯૬૭થી પાલન કરે છે. પબ્લિક સ્કૂલના પ્લેટફોર્મના રાજય સચિવ અને શિક્ષણશાસ્ત્રી પ્રિન્સ ગજેન્દ્ર બાબુએ જણાવ્યું હતું કે, રાજયમાં ઘણા લોકો શોખ તરીકે અથવા તેમની વ્યાવસાયિક જરૂરિયાતોને પૂર્ણ કરવા હિન્દી શીખે છે. લોકો ઈચ્છતા નથી કે તે નવી શિક્ષણ નીતિ (NEP) દ્વારા સૂચવ્યા મુજબ તેમના અભ્યાસક્રમમાં હોય. રાજયમાં ઘણા પરિવારો શોખ તરીકે હિન્દી શીખી રહ્યા છે, તેમના પર કોઈ તણાવ નથી. કેટલાક તેને તેમની વ્યાવસાયિક જરૂરિયાતો માટે શીખે છે. અનુવાદ કાર્ય સાથે સંકળાયેલા લોકો વધારાની ભાષા તરીકે હિન્દી શીખે છે. NEPએ તમિલનાડુમાં ભાજપ અને DMK સરકાર વચ્ચે વિવાદ છે, જેમાં રાજયએ હિન્દીને રાજ્ય ઉપર લાદવાની ત્રણ ભાષાની નીતિને સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. હિતધારકો કહે છે કે, આ અભ્યાસક્રમો પૂરા કર્યા પછી શિક્ષણની તકો ઉપલબ્ધ હોવાને કારણે હિન્દી શીખતા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. જો તેઓ મ્છની સમકક્ષ અભ્યાસક્રમો પૂર્ણ કરે છે તો તેઓ B.Ed પૂર્ણ કરી શકે છે અને શાળામાં જોડાઈ શકે છે અથવા ઘરે પોતાના વર્ગો પણ શરૂ કરી શકે છે. આ એક મુખ્ય કારણ છે. અન્ના યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર વી. બાલાગુરૂસામીએ જણાવ્યું હતું કે, રાજયના ઘણા ઉદ્યોગપતિઓએ વ્યવસાય હેતુ માટે હિન્દી શીખવાનું પસંદ કર્યું છે. અંગ્રેજી કરતાં તેઓ ઉત્તર ભારતમાં તેમના વ્યવસાયિક સમકક્ષો સાથે વાતચીત કરવા માટે હિન્દી શીખવાનું પસંદ કરે છે. તેઓ તેને પોતાની મરજીથી શીખે છે. મેટ્રિકના અભ્યાસક્રમમાં કેટલીક શાળાઓમાં હિન્દી તમિલને બદલે વૈકલ્પિક બીજી ભાષા હતી. આ ફેરફારથી માત્ર વધુ લોકો હિન્દી શીખવા સક્ષમ બન્યા નથી પરંતુ રાજયમાં CBSE શાળાઓની સંખ્યામાં પણ વધારો થયો છે. ૨૦૦૯માં રાજયમાં માત્ર ૯૮ CBSE શાળાઓમાંથી, ૨૦૨૪માં સંખ્યા વધીને ૧,૬૧૭ થઈ છે.

**'ઉત્તર ભારતની ભાષા' : એક ભાવનાત્મક મુદ્દો :**

ડીએમકેના પ્રવકતા સર્વાનન અન્નાદુરાઈએ જણાવ્યું હતું કે, તમિલનાડુમાં સ્વેચ્છાએ હિન્દી શીખતા લોકોની સંખ્યા દર્શાવે છે કે, નિર્મલા સીતારમણની ટિપ્પણી ભાવનાત્મક મુદ્દો ઊઠાવવા અને લોકોનું ધ્યાન ભટકાવવાનું ષડ્યંત્ર હતી. ત્રિચીની એ જ કોલેજમાં જયાં નિર્મલા સીતારમણે અભ્યાસ કર્યો હતો તે જ કોલેજમાં ભણતી તેની કલાસમેટ કોઈપણ અડચણ વિના હિન્દી શીખવા સક્ષમ હતી. તે તદ્દન જૂઠ્ઠું છે, જે ભાજપની શૈલીની લાક્ષણિક છે. તેણીને ઉત્તર ભારતમાં સહાનુભૂતિ મળી શકે છે પરંતુ તેતમિલનાડુમાં કામ કરશે નહીં. તમિલનાડુમાં તેણીને હિન્દી ભણવા ન દેવા માટે ડીએમકેને દોષી ઠેરવતા તેણીએ કહ્યું કે, જયારે હું તમિલનાડુમાં હિન્દી શીખવા ગઈ ત્યારે રસ્તા પર મારી મજાક ઉડાવવામાં આવી. 'ઓહ તમારે હિન્દી શીખવી છે ? તમે તમિલનાડુમાં રહો છો અને તમે ઉત્તર ભારતની ભાષા, હિન્દી કેમ શીખવા માંગો છો ?' હિન્દી શીખવું એ કંઈક વિદેશી શીખવા જેવું હતું. શું તમિલનાડુ ભારતનો ભાગ નથી ? હિન્દી શીખવામાં શું ખોટું છે ?' પરંતુ ૧૯૩૭માં હિન્દી લાદવામાં આવેલા વિરોધમાં મોખરે રહેલા સમાજ સુધારક પેરિયારના કટ્ટરઅનુયાયી દ્રવિડર વિદુથલાઈ કાઝગમ નેતા કોલાથુર મણીએ નાણામંત્રીના નિવેદનની વિશ્વસનીયતા ઉપર પ્રશ્ન ઊઠાવ્યો હતો. જો રાજયના આ લાખો લોકોની મજાક ઉડાવવામાં આવી હોત તો તેમને સભામાં હિન્દી શીખવાની તક કેવી રીતે મળી હોત ? વાસ્તવમાં તમિલનાડુમાં વિરોધ ક્યારેય હિન્દી વિરૂધ્ધ નથી પરંતુ હિન્દી ભાષા લાદવા સામે હતો.

**સરકારી શાળાઓ અને ડ્રોપઆઉટ દર :**

સ્વેચ્છાએ હિન્દી શીખતા લોકોની સંખ્યામાં વધારો થયો છે, અન્ના યુનિવર્સિટીના પૂર્વ વાઈસ-ચાન્સેલર વી. બાલાગુરૂસામીએ જણાવ્યું હતું કે, રાજયએ સરકારી શાળાઓમાં હિન્દીને મંજૂરી આપવાનું વિચારવું જોઈએ. જો કે, રાજકીય રીતે ડીએમકે હિન્દી લાદવાની વિરૂધ્ધ છે, તેમની પાસે સરકારી શાળાના વિદ્યાર્થી માટે શાળામાં હિન્દી શીખવાનો વિકલ્પ પણ હોવો જોઈએ. હિન્દીનો ઈન્કાર કરીને સરકાર બીજી ભાષા શીખવાના અધિકાર નકારી રહી છે. જો કે, દ્રવિડિયન લેખક અને ઈતિહાસકાર મતિમારને ચિંતા વ્યક્ત કરી હતી કે, શાળાના અભ્યાસક્રમમાં હિન્દીનો ઉમેરો કરવાથી ડ્રોપઆઉટ દરમાં વધારો થઈ શકે છે. જો શાળાના અભ્યાસક્રમમાં હિન્દી ઉમેરવામાં આવે તો વિદ્યાર્થીઓને તે ભાષા શીખવાનો બોજ લાગશે જેમ આપણે અંગ્રેજી શીખવા માટે સંઘર્ષ કર્યો હતો. શિક્ષણવિદોએ જણાવ્યું હતું કે, જો વિદ્યાર્થીઓ શાળા સ્તરે હિન્દી ભણવામાં વધુ રસ ધરાવતા હોત તો કેન્દ્રએ તમિલનાડુમાં હિન્દીને પ્રોત્સાહન આપવા માટે વધુ કેન્દ્રીય વિદ્યાલય (KV) શાળાઓ સ્થાપી હોત. વર્ષોથી હિન્દી લાગુ કરવાનો વિરોધ હોવા છતાં પ્રિન્સ ગજેન્દ્ર બાબુએ કહ્યું કે, લાંબા સમયથી તમિલનાડુની કેન્દ્રીય વિદ્યાલય શાળાઓમાં માત્ર હિન્દી અને અંગ્રેજી જ ભણાવવામાં આવે છે.

**હિન્દી સાથે પ્રેમ-નફરતનો સંબંધ :**

તમિલનાડુના લોકોનો હિન્દી સાથે હંમેશા પ્રેમ-નફરતનો સંબંધ રહ્યો છે. રાજયમાં હિન્દી વિરોધી આંદોલનની શરૂઆત ૧૯૩૭માં સામાજિક સુધારક અને દ્રવિદર કઝગમ અથવા સ્વ-સન્માન ચળવળના સ્થાપક પેરિયાર દ્વારા કરવામાં આવી હતી જયારે મદ્રાસ પ્રેસિડેન્સીની શાળાઓમાં હિન્દી ભણાવવાની શરૂઆત સી. રાજગોપાલાચારી હેઠળની કોંગ્રેસ સરકાર દ્વારા કરવામાં આવી હતી. ૧૯૨૫માં કોંગ્રેસ છોડ્યા પછી પેરિયારે ૧૯૩૮માં શાળાઓમાં હિન્દીલાદવાનો વિરોધ કરવા માટે પ્રથમ વખત રસ્તા ઉપર ઉતર્યા હતા. તમિલને પ્રોત્સાહન આપનારા શૈવ મઠ્ઠોએ પણ હિન્દી લાદવાનો વિરોધ કર્યો ન હતો. પેરિયારે જ શૈવ મઠના લોકોને અપીલ કરી હતી. હિન્દી લાગુ કરવા સામે વર્ષોના વિરોધ છતાં અશાંત સમયમાં પણ તમિલનાડુના લોકોએ હિન્દીની પ્રશંસા કરી છે. ૧૯૬૮માં હિન્દી આંદોલનના દિવસોમાં પણ હિન્દી ફિલ્મો દર્શાવતા કોઈ પણ થિયેટર ઉપર હુમલો થયો ન હતો. લોકોએ આવા થિયેટરોની સામે વિરોધ પણ કર્યો ન હતો. હકીકતમાં તે સમયગાળામાં રિલીઝ થયેલી હિન્દી ફિલ્મો બ્લોકબસ્ટર હિટ થઈ હતી. (અનુ.છઠ્ઠાપાને.)

‘માઁ ઉમિયાની આરાધના થકી સરસ્વતીની સાધનાવસ્ રૂા. ૨૫૦૦ થી લઈ ૫૦,૦૦૦ હુંડી સાથે સૌરાષ્ટ્રભરના પાટીદારોને માઁનું તેડુ

# ઉમિયાધામ સિદસરમાં તા. ૨૫ થી ૨૯ ડીસેમ્બર શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવ

## મહોત્સવના ઉદ્‌ઘાટક તરીકે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતી રાજકોટ-અમદાવાદ જેવા મહાનગરોમાં અદ્યતન શૈક્ષણિક સંકુલોના નિર્માણ કરવાની નેમ



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૮

સધ્ધ તપોભૂમી આલચ પર્વતમાળાની ગોદમાં પવિત્ર વેણુ નદીના તટે, પાટીદારોની આસ્થા-શ્રધ્ધાનું કન્દ્ર સ્થાન એટલે ઉમિયાધામ સિદસર આગામી તા.૨૫ થી ૨૯ ડીસેમ્બર-૨૦૨૪ દરમ્યાન જગત જનની મા ઉમિયાના પ્રાગટયના ૧૨૫ વર્ષ નિમિતે ૫ દિવસીય પ્રાગટય ઉત્સવ શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી થશે. પાંચ દિવસના મહોત્સવને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહીતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે. મહોત્સવમાં કૃષિ, યુવા, મીહ,ા, કર્મયોગી, સામાજીક, સમરસતા, ઉદ્યોગ-વેપાર, શૈક્ષણિક, ડોકટર્સ-પ્રોફેશનલ્સ સંમેલનો યોજાશે. ‘માઁ ઉમિયાની આરાધના થકી સરસ્વતીની સાધનાવ અંતર્ગત અધ્યતન શૈક્ષણિક સંકુલોના નિર્માણનો સંકલ્પ ૨૧મી સદી જ્ઞાનની સદી મનાય છે આજથી ,ગભગ ૯૦ વર્ષ પહેલા પાટીદાર સમાજના દ્રિધર્દ્રષ્ટા વડીલોએ વિદ્યાર્થી આશ્રમો, બોર્ડીગો, છાત્રાલયો બનાવી પાટીદાર સમાજની પ્રગતિ, સમુધ્ધિ અને સમાજ વ્યવસ્થાને વેગ આપ્યો હતો. જયારે આવનારી ભાવિ પેઢીના ઉજજવળ ભવિષ્ટ માટે રાજકોટ-અમદાવાદ જેવા મહાનગરોમાં શૈક્ષણિક સંકુલોનું નિર્માણ કરવાની નેમ ઉમિયાધામ સિદસર દ્વારા વ્યકત કરવામાં આવી છે. આ સમાજ વિકાસના વિવિધ કાર્યો માટે વર્ષ ૨૦૨૧ થી ૨૦૩૧ સુધી ની ૪૦૦ કરોડની સમૃધ્ધિ યોજના-૩ ખુલ્લી મુકવામાં આવી છે. જેના ભાગરૂપે પ્રથમ તબકકામાં રૂા. એક સો પચ્ચીસ કરોડ તથા બીજા તબકકામાં એક સો પચ્ચીસ કરોડ થકી કુલ બસો પચાસ કરોડના ખર્ચે બે શૈક્ષણિક પ્રોજેકટો હાથ ધરાયા છે. ત્યારે સમાજના ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ડોકટર, એન્જીનીયર, પ્રોફેસર સહીતના તમામ વર્ગને નૈતિક ફરજના ભાગરૂપે આ યોજનામાં આર્થિક અનુદાન આપવા માટે ઉમિયાધામના પ્રમુખ જેરામભાઈ વાંસજાળીયા, ચેરમેન મૌલશભાઈ ઉકાણી, સમૃધ્ધિ યોજનાના ચેરમેન બી.એચ.ધોડાસરા, મેનેજીંગ ટ્રસ્ટી જયેશભાઈ પટેલ, ઉપપ્રમુખ ગોવિંદભાઈ વરમોરા, જગદીશભાઈ કોટડીયા, ચિમનભાઈ શાપરીયા, સહીતના હોદેદારો દ્વારા અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત સમાજના દરેક વર્ગને મંદિર સાથે જોડવાના ભાગરૂપે ‘ઉમારત્ન યોજનાવ શરૂ કરવામાં આવી છે. ‘માઁ ઉમા કળશ યોજનાવ થકી તમામ પરિવારને સમાજની સાંકળમાં જોડવાના સાર્થક પ્રયત્નો ઉમિયાધામ દ્વારા કરવામાં આવી રહયા છે.

**‘માઁ નું તેડુવ આમંત્રણ પત્રીકા સાથે માતાજીની હુંડીને વધાવતા પાટીદાર પરિવારો**

પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે આગામી ૨૫ થી ૨૯ ડીસેમ્બર યોજાનારા ૫ દિવસના શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં સહર્ષ સામે, થવા સૌરાષ્ટ્ર-ગુજરાત સહીત, દેશ-વિદેશમાં રહેતા અઢીલાખ પરિવારનો ‘માઁ નું તેડુવ કંકોત્રી રૂપે આમંત્રણ પત્રીકા મોકલવામાં આવી રહી છે. સૌરાષ્ટ્રના જીલ્લા-તાલુકા-ગ્રામ્ય લેવલે ઉમિયા પરિવાર સંગઠન સીમતિના કાર્યકરો દ્વારા માઁની કંકોત્રી કડવા પાટીદાર પરિવારના ઘેર-ઘેર જઈ વિતરણ કરવામાં આવી રહી છે. આ સાથે પરિવારની સમુધ્ધિ અને સુખાકારીના આશીષ પાઠવતી માતાજીની હુંડી પણ સ્વૈચ્છિક રીતે વિતરીત થશે. ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ સિદસર દ્વારા સમુધ્ધી યોજના-૩ હેઠળ નિર્માણાધીન શૈક્ષણિક સંકુલોના નિર્માણમાં સહભાગી થવા આર્થીક યોગદાન માટે હુંડી બનાવવામાં આવી છે. શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવના નિમંત્રણ ‘માઁનું તેડુવ સાથે હુંડીને વધાવી લેવા પાટીદાર પરિવારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહયો છે. રાજકોટ સહીતના સૌરાષ્ટભરના કડવા પાટીદાર પરિવારમાં જે-તે જીલ્લા- તાલુકા-ગ્રામ્ય લેવલે સંગઠન સમિતિના સભ્યો દ્વારા માઁ નું તેડુ કંકોત્રી સ્વરૂપે આમંત્રણ પત્રીકાની સાથો સાથ સમાજના દરેક વર્ગના લોકોને સાંકળવાના આશ્રય સાથે જગત જનની માઁ ઉમિયાના ૧૨૫ માં પ્રાગટય મહોત્સવ અવસરે યથાશકિત હુંડી યોગદાનની અપી, સાથે રૂપીયા પચ્ચીસ સોની બ્રોન્ઝ હુંડી, પાંચ હજારની સિલ્વર હુંડી, અગીયાર હજારની ગોલ્ડ હુંડી, પચ્ચીસ હજારની ડાયમંડ હુંડી, પચાસ હજારની પ્લેટીનમ હુંડીનું સ્વેચ્છાએ વિતરણ કરવામાં આવશે. સમાજના તમામ પરિવારો, વ્યાપારી તથા નોકરીયાત મિત્રોને આ હુંડી સ્વીકારી માઁ ના ચરણોમાં યથાશકિત યોગદાન નોંધાવવા મહોત્સવના હોદેદારો આયોજકો દ્વારા આહવાન કરાયુ છે.

**શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં જગદંબા-શકિત સ્વરૂપે ૧૨૫૦ બાળાઓનું પૂજન કરાશે**

ઉમિયાધામ સિદસરના ઉપપ્રમુખ જગદીશભાઈ કોટડીયા, ટ્રસ્ટી કૌશીકભાઈ રાબડીયા, રમેશભાઈ રાણીપા એ જણાવ્યું હતુ કે સિદસર ખાતે માઁ ઉમિયાના ૧૨૫ માં પ્રાગટય નિમિતે યોજાનાર ૧૧ શતાબ્દી મહોત્સવમાં સાક્ષાત આદ્યશકિત માઁ જગદંબા સ્વરૂપ ૫ થી ૧૨ વર્ષ સુધીની ૧૨૫૦ જેટલી નાની બાળાઓ- કુમારિકાઓનું વિધિવત કંકું ચોખાથી પૂજન તથા આરતી કરવામાં આવશે. આ મહોત્સવમાં ભવ્ય યજ્ઞશાળામાં દરરોજ ૨૫ કુંડી યજ્ઞનું આયોજન કરાયુ છે.

**પાંચ દિવસીય મહોત્સવમાં ૧૦ જેટલા વિવિધ સંમેલનો**

પાંચ દવસીય મહોત્સવ દરમ્યાન તા. ૨૫ ના સવારે મહોત્સવના ઉદઘાટક તરીકે ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. બપોરે ૩ઃ૩૦ કલાકે યુવા સંમેલનમાં અધ્યક્ષ તરીકે ગુજરાત રાજયના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા, તેમજ મુખ્ય વકતા તરીકે લેખક જય વસાવડા ઉપસ્થિત રહેશે. તા. ૨૬ના રોજ સવારે ૯ કલાકે કૃષિ સંમેલનમાં અધ્યક્ષ તરીકે સિદસરના ચેરમેન મૌલેશભાઈ ઉકાણી, ઉદ્‌ઘાટક તરીકે મહામહિમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, મુખ્ય મહેમાન તરીકે મંત્રી રાઘવજીભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળીયા ઉપસ્થિત રહેશે. બપોરબાદ સામાજીક સંમેલનમાં અધ્યક્ષ તરીકે ઉંઝાના પ્રમુખ બાબુભાઈ પટેલ, મુખ્ય વકતા તરીકે સાંસદ પરસોતમભાઈ રૂપાલા, મુખ્ય મહેમાન મહાપ્રદ્‌મ દાતા જીવનભાઈ ગોવાણી ઉપસ્થિત રહેશે. તા. ૨૭ના રોજ સવારે ૯ કલાકે મહિલા સંમેલનમાં આણંદબાવા આશ્રમના મહંત દેવપ્રસાદજી તથા ગાયત્રી આશ્રમના લાલબાપુ આર્શીવચન પાઠવશે, બપોરબાદ સમરસતા સંમેલનમાં અધ્યક્ષ તરીકે મહાપ્રદ્‌મ દાતા ધનજીભાઈ પટેલ, મુખ્યવકતા તરીકે રાષ્ટ્રીય સેવક સંઘના રવિન્દ્ર કિરકોડેજી, મુખ્યમહેમાન તરીકે કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ગોંડલ સ્ટેટના જયોર્તિમયસિંહજી જાડેજા, ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના મહેશભાઈ જીવાણી, ડો. જયંતિભાઈ ભાડેસિયા, ઉપસ્થિત રહેશે. તા. ૨૮ને સવારે કર્મયોગી સંમેલનમાં અધ્યક્ષ તરીકે પૂર્વ કલેકટર બી.એચ.ઘોડાસરા તથા ભાગવતાચાર્ય રમેશભાઈ ઓઝા આર્શીવચન પાઠવશે, બપોરબાદ ઉદ્યોગપતિ સંમેલનમાં સમારોહના અધ્યક્ષ તરીકે જગદીશભાઈ કોટડીયા, મહાપદમ દાતા જયસુખભાઈ પટેલ, ઉદ્‌ઘાટક તરીકે કેબીનેટ મંત્રી મનસુખભાઈ માંડવિયા ઉપસ્થિત રહેશે., તા.૨૯ના રોજ શૈક્ષણિક સંમેલનમાં અખિલ ભારતીય સંઘના ડો. પરમાત્માનંદ સરસ્વતીજી આર્શીવચન પાઠવશે. મુખ્ય મહેમાન તરીકે શિક્ષણ જગતના ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, આર.જી.ધમસાણીયા, કિરણભાઈ પટેલ, ડો. વી.બી. ભેંસદડીયા ઉપસ્થિત રહેશે, બપોર બાદ ડોકટર્સ પ્રોફેશ્નલ સંમેલનમાં અધ્યક્ષ તરીકે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, વકતા તરીકે અનિશ ચંદારાણા, મુખ્ય મહેમાન તરીકે આરોગ્ય મંત્રી ૠષિકેશભાઈ પટેલ, કિરણ હોસ્પિટલ સુરતના મથુરભાઈ સવાણી, કેપીએસએનએના ડો. ભાણજીભાઈ કુંડારીયા ઉપસ્થિત રહેશે. આશરે ૬૦૦ વિઘા જમીનમાં આયોજીત શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવની વિવિધ તૈયારીઓને સુચારૂ ઢબે જોરશોરથી ચાલી રહી છે. મહોત્સવના હોદેદારોના માર્ગદર્શન હેઠળ આશરે ૧૦૮ થી વધુ વિવિધ સમીતીઓ જહેમત ઉઠાવી રહી છે. તેમ પ્રેસ મિડિયા સમિતિના મંત્રી રજનીભાઈ ગોલની યાદીમાં જણાવાયુ છે.

**મહોત્સવના પ્રારંભે માઁ ઉમિયાના ૧૨૫માં પ્રાગટય વર્ષ નિમિતે ૧૨૫૦ બાળાઓ-કુવારીકાઓનું પૂજન થશે : મહોત્સવ માં કૃષિ, યુવા, મહિ,ા, કર્મયોગી, સમાજીક સમરસતા, ઉદ્યોગ, વ્યાપાર, શૈક્ષણિક, ડોકટર્સ, પ્રોફેશ્નલ, સંમેલનો યોજાશે**

**સમાજના સુખી -સંપન્ન પરિવારોને ઉમા રત્ન દાતા તથા સામાન્ય વર્ગને માઁ ઉમા કળશ યોજનામાં સામેલ થવા અપીલ**

## શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવના મુખ્ય યજમાન જગદીશભાઈ કોટડીયા અને પુનીતભાઈ ચોવટીયા

રાજકોટ તા. ૧૮

ઉમિયાધામ સિદસર ખાતે ત્રણ યાદગાર અને અવિસ્મરણીય મહોત્સવ થકી કુળદેવી માઁ ઉમિયાના સાનીધ્યમાં ભકિતની શકિત સાથે સમાજના ઉત્કર્ષ અને ઉત્થાન માટે આગામી ૨૫ થી ૨૯ ડીસેમ્બર ૨૦૨૪ આશરે ૬૦૦ વિઘા જમીનમાં માઁ ઉમિયા માતાજીનો ૧૨૫ મો પ્રાગટય મહોત્સવ રંગે ચંગે ઉજવાશે.

ઉમિયા માતાજી મંદિર સિદસર ખાતે આગામી તા. ૨૫ થી ૨૯ ડીસેમ્બર ૨૦૨૪ માં માઁ ઉમિયા પ્રાગટયની ૧૨૫ માં વર્ષની ઉજવણી નિમિતે સવા શતાબ્દી મહોત્સવના પ્રમુખ તરીકે મૌલેશભાઈ ઉકાણીની વરણી કરવામાં આવી છે. રૂા.૧.૫૧, કરોડ જેવી માતબાર રકમનું દાન આપી સિદસરના ઉપપ્રમુખ જગદીશભાઈ કોટડીયા તથા ઉદ્યોગપતિ પુનીતભાઈ ચોવટીયા શ્રી સવા શતાબ્દી મહોત્સવના મુખ્ય યજમાન બન્યા છે. આ ઉપરાંત સહયજમાન તરીકે રૂા.૫૧ લાખનું દાન આપનાર જીવનભાઈ ગોવાણી, તથા બીજા સહયજમાન તરીકે ધનજીભાઈ માકાસણાએ ૫૧ લાખનો સહયોગ નોંધાવ્યો છે. ત્રીજા સહ યજમાન તરીકે વસંત બિલ્ડર્સના મુળજીભાઈ ભીમાણી, મનસુખભાઈ ભીમાણી, વસંતભાઈ ભીમાણી, ચોથા સહ યજમાન તરીકે એન્જ, ગ્રુપના શિવાલાલભાઈ આદ્રોજા, અશ્વિનભાઈ આદ્રોજા, કિરીટભાઈ આદ્રોજા, જીજ્ઞેશભાઈ આદ્રોજા તરફથી ૫૧ લાખનો સહયોગ પ્રાપ્ત થયો હતો. મહોત્સવના અન્નપૂર્ણા દાતા તરીકે રૂા. ૨૫ લાખનું દાન આપી નંદલાલભાઈ માંડવીયા, રાજેન્દ્રભાઈ પરસાણીયા, મયુરભાઈ પરસાણીયા, મહોત્સવના ભોજનાલય દાતા તરીકે મગનભાઈ જાવીયા, મનસુખભાઈ પાણ, ગોવિંદભાઈ વરમોરા સનહાર્ટ ગ્રુપ, દુર્લભજીભાઈ રંગપરીયા, સ્વ.રવિલાલ રંગાણી (મુંબઈ), ત્રિભોવનભાઈ વાંસજાળીયા, રાજેશભાઈ કાલરીયા, હરેશભાઈ પરવાડીયા, શૈલેષભાઈ વૈષ્ણાણી, એમ.એમ.પટેલ, વિનોદભાઈ રબારા, જીવરાજભાઈ વરમોરા પરિવાર તેમજ મહોત્સવના ભોજનાલય સહદાતા તરીકે રૂા. ૫ લાખનું દાન આપી રેડ સ્ટોન ગ્રેનાઈટ, અરવિંદભાઈ જીવાણી, ચંદુભાઈ ખાનપરા, વિનુભાઈ મણવર, કાંતીભાઈ માકડીયા, પ્રભુદાસભાઈ કણસાગરા, સવિતાબેન ફળદુ, શિલ્પન બિલ્ડર્સ, ચિમનભાઈ શાપરીયા, ચંદ્રેશભાઈ માકાસણા, પ્રવિણભાઈ પાડલીયા, સંજયભાઈ કોરડીયા, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, પ્રભુદાસભાઈ ભેંસદડીયા, અંકુરભાઈ ભાલોડીયા, નરોતમભાઈ કણસાગરા, જયેશભાઈ જાવીયા, દિલીપભાઈ ધરસંડીયા, ધીરૂભાઈ ડઢાણીયા, શ્યામ બિલ્ડર્સ, એન.ડી.પટેલ, બી.એચ ધોડાસરા, અરવિંદભાઈ ફળદુનો સહયોગ પ્રાપ્ત થયો છે.

# ઉનાનાં આમોદ્રા ગામે દડવા રાંદલ માતાજીનાં નૂતન મંદિર જીર્ણોદ્ધાર અને મૂર્તિ પ્રતિષ્ઠાનો ત્રિ દિનાત્મક કાર્યક્રમ સંપન્ન

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૧૮૯

ઉનાનાં આમોદ્રા ગામે દડવા રાંદલ માતાજીનાં નૂતન મંદિર જીર્ણોદ્ધાર અને મૂર્તિ પ્રતિષ્ઠાનો ત્રિ દિનાત્મક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં સમસ્ત ગામ ધુવાડાબંધ અને તમામ શ્રદ્ધાળુઓ માટે ત્રણ દિવસ મહાપ્રસાદ, ગૌ વંશને ચારો, પક્ષીઓનેચણ અને શ્વાનને રોટલા તેમજ સાધુ સંતો અને સમાજ સેવકો, દાતાઓનાં સન્માન જેવા ત્રિવિધ કાર્યો હાથ ધરાયા હતા.



ત્રણ દિવસ સુધી રાત્રે લોકડાયરો, સંતવાણી અને રાસ ગરબાના કાર્યક્રમો પણ યોજવામાં આવેલ હતા.


ઊનાનાં આમોદ્રા ગામે વગડામાં બિરાજમાન અતિ પુરાતન એવા દડવા રાંદલ મંદિરનો જીર્ણોદ્ધાર એવમ નૂતન મૂર્તિ પ્રતિષ્ઠા વિધિનો ત્રિ દિવસીય ધાર્મિક કાર્યક્રમ મુંબઈ નિવાસી માતાજીનાં પરમ સેવક અજિતભાઈ રમણલાલ જોશી પરિવારના મુખ્ય યજમાન પદે અને ગામનાં દાતાઓનાં પેટા યજમાન પદે ભવ્ય અને આસ્થા સભર વાતાવર્ણમાં યોજાયેલ હતો. કાર્યક્રમનાં મુખ્ય આચાર્ય તરીકે વિદ્વાન શાસ્ત્રી હિતેશભાઈ જોશી અને વિદ્વાન ભૂદેવોએ વેદોક્ત વિધિ અનુસાર યજ્ઞઅને પ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરાવેલ. આમોદ્રા ગામ સમસ્ત અને દડવા રાંદલ સેવક મંડળનાં સહયોગ અને અથાક પ્રયત્નોથી સંપન્ન થયેલ. આ કાર્યક્રમ દરમ્યાન ગ્રામજનોની માતાજી પ્રત્યેની અનેરી શ્રધ્ધા અને એકતાનાં દર્શન થતા જોવા મળેલ. સમગ્ર કાર્યક્રમનું આગવી શૈલીમાં સંચાલન વિપ્ર અગ્રણી અને પત્રકાર જીતેન્દ્ર ઠાકર દ્વારા અને આભારવિધિ મંડળનાં અગ્રણી કાર્યકર રોહિત ઝાલા દ્વારા કરવામાં આવેલ હતી.

# માંગરોળની એમ.એમ.ઈ.ડબલ્યુ હાઈસ્કુલના વિદ્યાર્થી સ્કીલ કમ્પિટીશનમાં પ્રથમ

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૧૮

જૂનાગઢ જીલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા સોમવારે જિલ્લા કક્ષાની સ્કીલ કમ્પિટિશનનું આયોજન બીએપીએસ સ્વામિનારાયણ સંકુલ જૂનાગઢ ખાતે રાખવામાં આવેલ જેમાં જૂનાગઢ જિલ્લાની કુલ ૪૨ માધ્યમિક શાળાઓએ ભાગ લીધેલ. એમાંની માંગરોળની એમ.એમ.ઈ.ડબલ્યુ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ (૧) જડા મોહમ્મદ અયુબભાઈ (૨) ગુજરાતી અદનાન નૂરમોહમ્મદભાઈ (૩) સૈયદ રૈયાન ઝમીરભાઈ (૪) આરબી સઉદ સાજીદભાઈએ શાળાના શિક્ષક અફઝલ બોબડાના માર્ગદર્શન હેઠળ રિયલ ટાઈમ આલ્કોહોલ ડિટેક્શન એન્ડ ઓટો કટઓફ એન્જિન સિસ્ટમ નામની કૃતિ રજૂ



કરેલ હતી. આ કૃતિએ જિલ્લાની તમામ શાળાઓમાંથી પ્રથમ નંબર મેળવ્યું તે બદલ શાળાના આચાર્ય હારૂન જેઠવા અને નિયામક રાબિયાબેન આરબ તેમજ શાળાના તમામ સ્ટાફમિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા અને હવે પછી આ વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાએ ૧૯/૧૨/૨૦૨૪ ના રોજ જૂનાગઢ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

# મુંદ્રા પોર્ટેની ઐતિહાસિક સિદ્ધિ, સર્વાધિક વેસલ્સ હન્ડલીંગ અને મુવમેન્ટ્સનો માઈલસ્ટોન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૮

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (APSEZ) મુંદ્રાએ ફરી એકવાર મહત્વપૂર્ણ માઈલસ્ટોન હાંસલ કર્યો છે. સોમવારે પ્રકાશિત જાહેરાત અનુસાર માસિક રેકોર્ડ મુજબ મુજબ નવેમ્બરમાં નિયંત્રિત જહાજોની સંખ્યા અને જહાજોની અવરજવર મુંદ્રા પોર્ટના ઈતિહાસમાં સૌથી વધુ રહી છે. કંપનીએ જણાવ્યુંહતું કે ભવિષ્યમાં પણ તેઆવી જ સિદ્ધિઓ હાંસલ કરતી રહેશે.

મુન્દ્રા પોર્ટ દ્વારા નવેમ્બર ૨૦૨૪ માં ૩૯૬ જહાજોને હેન્ડલ કરવામાં આવ્યા હતા અને ૮૪૫ જહાજની અવરજવરની સફળ વ્યવસ્થાકરી હતી. આ નોંધપાત્ર સીમાચિહ્ન મુંદ્રા પોર્ટના ઈતિહાસમાં તે સૌથી વધુ માસિક રેકોર્ડ ચિહ્નિત કરે છે. APSEZ નું કાર્ગો હેન્ડલીંગ નવેમ્બર મહિનામાં વાર્ષિક ધોરણે ૨૧% વધીને કુલ ૩૬ સ્સ્ થયું હતું.

આ જાહેરાત ૧૧ ડિસેમ્બરે ૨૪ કલાકની અંદર અદાણી પોર્ટ્સે બે રેકોર્ડ બ્રેકિંગ માઈલસ્ટોન પર પહોંચ્યાના દિવસો બાદ કરવામાં આવી છે. કંપનીનાજણાવ્યા અનુસારપોર્ટે ૨૦૨૦ અને ૨૦૨૧ના અગાઉના રેકોર્ડને પાછળ છોડીને "BB-3 પર ૨૦,૫૮૬ MT HR કોઈલ્સ લોડ કર્યા છે. "૨૧ લોડેડ રેક, ૧ મ્ઝદ્ઘ અને ૧૩" સાથે એક જ દિવસમાં ઉપરેક્સ અનલોડિંગ,રિલીઝ હેન્ડલ કર્યા છે. અદાણી પોર્ટ્સ ઉત્તરોત્તરઅવનવા રેકોર્ડ્સ બનાવી રહ્યું છે. ૧૦ ડિસેમ્બરે કંપનીએ જાહેરાત કરી હતી કે તે શ્રીલંકામાં કોલંબો વેસ્ટ ઈન્ટરનેશનલ ટર્મિનલ પ્રોજેક્ટને પોતાની આંતરિક ઉપાર્જનનો ઉપયોગ કરીને ભંડોળ પૂરૂ પાડશે. કંપનીએ પુષ્ટિ કરી છે કે કોલંબોનો પ્રોજેક્ટ સરળતાથી આગળ વધી રહ્યો છે અને આવતા વર્ષની શરૂઆતમાં કમિશનિંગ શેડ્યૂલ કરવામાં આવ્યું છે.

બ્લૂમબર્ગના ડેટા અનુસાર કંપનીને ટ્રેક કરી રહેલા ૧૮ વિશ્લેષકોમાંથી ૧૭ના શેર પર ’બાય’ રેટિંગ છે અને એક ‘હોલ્ડ’નું સૂચન કરે છે. ૧૨-મહિનાના વિશ્લેષકોના ભાવ લક્ષ્યાંકોની સરેરાશ ૩૫.૩% ની સંભવિત અપસાઈડ સૂચવે છે.APSEZ ૨૦૩૦ સુધીમાં ૧ બિલિયન ટન કાર્ગો હેન્ડલ કરવાનું લક્ષ્યાંક ધરાવે છે.

# શ્રી ગાંધી કન્યા હાઈસ્કૂલ ઉનામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ શિબિર યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૮

ડિસ્ટ્રિક્ટ એડમિનિસ્ટ્રેશન સિસ્ટમ ગીર સોમનાથ અને શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ મહેસાણાના સંયુક્ત ઉપક્રમે શ્રી ગાંધી કન્યા હાઈસ્કૂલની ધોરણ ૯ થી ૧૨ની ૧૨૦૦ દીકરીઓને છ દિવસ સુધી ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ આપવામાં આવી જેમાં નિષ્ણાંતો દ્વારા વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની કુદરતી કે માનવસર્જિત આપત્તિ વેળા પહેલા, આપત્તિ દરમ્યાન અને આપત્તિ પછી શું ધ્યાન રાખવું એ સરળ રીતે વિગતે સમજાવવામાં આવ્યું હતું. આ ટ્રેનિંગ દરમ્યાન જરૂરી બાબતોનું ડેમોસ્ટ્રેશન પણ કરી વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું. આ ટ્રેનિંગ દરમ્યાન બ્રહ્મ સેવા સમાજ ટ્રસ્ટ મહેસાણાના સંચાલક અલ્પેશભાઈ કનોડીયા, હર્ષાબેન ડાભી , રૂદ્રેશભાઈ જોશી, ઉર્મિલભાઈ પાઠક,અને અંબુજીભાઈ ઠાકોરનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. ઉના તાલુકા કેળવણી મંડળ વતી અને ગાંધી કન્યા શાળા પરિવાર વતી આચાર્ય શ્રીમતી દીપ્તિબેન ગોસ્વામી સૌનો આભાર માન્યો હતો.





# ગીર સોમનાથ સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર સુનિલ રાઠોડે નિયમ વિરૂદ્ધ મંજૂરી આપી હોવાથી પગલાં લેવા રીપોર્ટ

## જીલ્લા કલેકટરે ગાંધીનગર ચીફ એન્જિનીયરીંગ (પંચાયત) અને અધિક સચિવને પત્ર પાઠવ્યો : માટી ચોરીનો સાચો આંક હજુ પણ છુપાવાઈ રહ્યો હોય સ્થળ ઉપર સાચી માપણી કર્યા વગર ઓછી માટી ચોરી દર્શાવાઇ



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૮

ગીર સોમનાથના સુત્રાપાડા તાલુકાના બરૂલા ગામના સરકારી તળાવ માંથી નેશનલ હાઈવેના કોન્ટ્રાક્ટર કલથીયા એન્જી. કંપનીને જીલ્લા પંચાયતના સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર સુનિલ રાઠોડએ નિયમ વિરુદ્ધ મંજૂરી આપ્યાનો ઘટસ્ફોટ થયો છે. આ ગંભીર મામલે ગીર સોમનાથ જીલ્લા કલેકટરે ચીફ એન્જિનિયરિંગ (પંચાયત) અને અધિક સચિવ નર્મદા જળસંપતિ પાણી પુરવઠા ગાંધીનગરને પત્ર પાઠવી પંચાયત વિભાગ ગીર સોમનાથ હસ્તકના સુત્રાપાડા તાલુકાના બરુલા ગામે આવેલા તળાવમાંથી માટી કાઢવા માટે આપેલી મંજૂરી અને આ માટેની કરોડો રૂપિયાની રોયલ્ટી નહીં ભર્યા હોવાના આધાર પુરાવા સાથે સચિવને જાણ કરીને સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર સુનિલ રાઠોડ સામે પગલાં લેવા જણાવતા ખળભળાટ મચી ગયો છે. ખનીજ કાઢવાની મંજૂરીની સત્તા ખાણ ખનીજ વિભાગને જ હોય છે. ત્યારે સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર સુનિલ રાઠોડે સુજલામ સુફલામ યોજનાના રૂપકડા બહાના હેઠળ યોજના શરૂ થાય તે પૂર્વે સાચું ખોટું કરીને સુત્રાપાડાના બરૂલા ગામના સરકારી તળાવમાંથી નેશનલ હાઈવેના કામ માટે અમદાવાદની કળથીયા એન્જીનિયરિંગ કન્સ્ટ્રકશન કંપનીને માટી કાઢવાની મંજૂરી આપી હતી. જેમાં તળાવના પાળાને કોઈ નુકસાન ન થાય તે રીતે માટી કાઢવાની હતી પરંતુ કલથીયા ઈન્જિનિયરિંગ કંપનીના પેટામાં માટીકામ કરી રહેલ તાલાલા વિધાનસભાના એક રાજકીય નેતાના મળતીયાઓએ બેફામ રીતે અંદાજે ત્રણેક માસ સુધી સતત માટી કાઢી તળાવના પાળાને નુકસાન પહોંચાડ્યું હતું. જેના પરીણામે ગત જુલાઈ માસમાં સામાન્ય વરસાદમાં પણ તળાવના પાળા ઘસવા મંડતા તળાવ જોખમી સ્થિતિમાં ફેરવાઈ ગયું હતું. જો કે આ સમયે બરૂલા ગામના અગ્રણી અને જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા ના અધ્યક્ષ પ્રો. જીવાભાઈ વાળા સહિત ગ્રામજનોએ આ મામલે જવાબદાર તંત્ર ને ફરિયાદ કરી હતી.

**તાલાલા વિધાનસભા વિસ્તારના એક રાજકીય નેતાએ પેટામાં માટીકામ રાખી કરોડોની માટી ચોરીને અંજામ આપ્યો**

સોમનાથ - કોડીનાર વચ્ચે નેશનલ હાઈવે નું કામ કરતી કલથીયા એન્જીનીયર એન્ડ કન્ટ્રક્શન કંપની પાસે પેટામાં આ વિસ્તારના એક રાજકીય આગેવાન દ્વારા માટી કામ રાખવામાં આવ્યું હતુ. આ રાજકીય નેતાના મળતીયાઓએ બરૂલા ગામના સરકારી તળાવ માંથી કરોડોની માટી ચોરી કૌભાંડને અંજામ આપ્યો હતો. જો કે ગત જુલાઈ માસ માં આ તળાવ ના પાળાક્ષતિગ્રસ્ત બન્યા ની ઘટના સમયે જ આ માટીચોરી કૌભાંડ પ્રકાશ માં આવ્યું હતુ. ત્યારે આ કૌભાંડ ને દબાવવા નેતાજી અને તેના મળતીયાઓ દ્વારા એડી ચોંટી નું જોર લગાવ્યું હતું પરંતુ મીડિયા દ્વારા આ સમગ્ર કૌભાંડ ને ઉજાગર કરતાં નેતાજી ને નિષ્ફળતા મળી હતી. રાજ્ય સરકાર દ્વારા ગીર સોમનાથમાં પંચાયત સિંચાઈ વિભાગ હસ્તકના તમામ સરકારી તળાવોની તપાસ હાથ ધરવામાં આવે તો સરકાર તંત્રના જ ભ્રષ્ટ અધિકારીઓ સાથે સાંઠગાંઠ કરી નેશનલ હાઈવે ના કૉન્ટ્રેક્ટરો દ્વારા મોટાપાયે માટીચોરી કરી સરકાર ને કરોડો નો ચૂનો લગાવ્યા ના સમગ્ર કૌભાંડ પર થી પરદો ઉચકાશે.

**કોન્ટ્રાક્ટર કંપનીને એક કરોડ ૩૧ લાખનો દંડ ફટકાર્યો... જો કે માટી ચોરી ખુબ જ મોટા પ્રમાણમાં થઈ છે**

ખાણ ખનીજ વિભાગે સિંચાઈ વિભાગ પાસે અહેવાલ મંગાવ્યો તેમાં રોયલ્ટી ભરપાઈ કરવાની શરતે મંજરી અપાય હતી તો રોયલ્ટી કેમ નથી ભરાણી ? અને રોયલ્ટી નથી ભરી તો તેના વગર કોન્ટ્રાક્ટરને તેના કામના બિલ કેમ ચુકવ્યા ? માટીની રોયલ્ટી કોન્ટ્રાક્ટર ન ભરતા હતા તેને અટકાવવા નકકર પગલાં લેવાને બદલે માટી નહીં ઉપાડવાની સિંચાઈ વીભાગે કોન્ટ્રાક્ટરને માત્ર મૌખિક સૂચના આપીને કેમ સંતોષ માન્યો ? સિંચાઈ વિભાગે કોન્ટ્રાક્ટરને ૫૬૦૦૦ મેટ્રીક ટન માટી ઉપાડી તેનું માપ સાઈઝ કેવી રીતે કાઢ્યું? અને તેનો ખરેખર થતો દંડ વસુલવાને બદલે ૨૮ લાખ રૂપિયા દંડ કેમ આકાર્ય ? આવા અનેક સવાલો વચ્ચે ખાણ ખનીજ વિભાગે કલથીયા એન્જી. કોન્ટ્રાક્ટર કંપનીને રૂપિયા એક કરોડ ૩૧ લાખનો દંડ ફટકાર્યો છે અને એક માસમાં આ રકમ ભરવા નહીં ભરાય તો ફોજદારી ફરિયાદ કરવા પણ જણાવ્યું છે. જો કે આ માટીચોરી ૧.૨૦ લાખ ઘન મીટર થી વધુ હોવાનું સામે આવી રહ્યું છે.

સિંચાઈ વિભાગ ના ઈજનેર સુનિલ રાઠોડે તેની સહી સાથે ૪૦ - ૪૦ હજાર ઘન મીટર ની જુદી જુદી તારીખ ની કુલ ત્રણ મંજુરીઓ આપી હતી. આમ છતાં માત્ર ૫૬૦૦૦ મેટ્રિક ટન માટી ચોરીનું જણાવી કરોડોની માટી ચોરી પર પડદો પાડવા હજુ પણ પેરવી થઈ રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. જો સદરહુ તળાવનું સાચું સ્થળ પરનું માપ કાઢવામાં આવે તો આ માટી ચોરી નો આંક વધુ કરોડો માં સામે આવશે..

**ફરિયાદ બાદ પણ કોન્ટ્રાક્ટરે દંડની રકમ ન ભરી**

આ બાબતની ગીર સોમનાથ જિલ્લા ભાજપ બક્ષીપંચના મોરચાના અધ્યક્ષ જીવાભાઈ વાળાએ તંત્રમાં ફરિયાદ કરી હતી ત્યારે સિંચાઈ વિભાગે કરેલા ભ્રષ્ટાચારની કુલડીમાં ગોળ ભાંગવા તા. ૩૦-૭- ૨૪ ના પત્રથી કલથીયા એન્જિનિયર એજન્સીને "તમોને માટીની રોયલ્ટી ભરવા જણાવા છતાં તમે રોયલ્ટી ભરી નથી તેથી અત્રેની કચેરીના તાંત્રિક સ્ટાફે સ્થળ તપાસ કરતા કચેરીની જાણ બહાર ૫૬૦૦૦ મેટ્રિક ટન માટી ઉપાડી લીધી છે એટલે સરકારને ભરવાની થતી રકમ રૂ ૧૪ લાખ અને ૧૪ લાખ રૂપિયાનો દંડ મળીને કુલ રૂ.૨૮લાખ ભરવા જણાવ્યુ હતું પરંતુ આ કોન્ટ્રાક્ટરે આ દંડની રકમ નહીં ભરતા તેની જાણ ભૂસ્તરશાસ્ત્રીની કચેરીને થઈ હતી અને સિંચાઈ વિભાગની કાર્યવાહી અંગે તમામ અહેવાલો મંગાવીને કેટલીક સ્પષ્ટતા કરવા સિંચાઈ વિભાગને જણાવ્યું હતું..

**ચોમાસામાં સામાન્ય વરસાદમાં પણ તળાવના પાળાને નુકસાન થયું હતું**

કોન્ટ્રાક્ટર અને સિંચાઈ વિભાગના અધિકારીની મીલીભગતથી થયેલા આ ભ્રષ્ટાચારનું પાપ છાપરે ચડીને પોકાર્યું હતું અને ચોમાસામાં સામાન્ય વરસાદમાં પણ તળાવના પાળાને નુકસાન થવા લાગતા જેમતેમ કરીને આ પાળા રિપેર કરવામાં આવ્યા હતા. જો પાળા સમયસર રીપેર કરવામાં આવ્યા ન હોત તો બરૂલા ગામના ખેડૂતોના ખેતર અને ગામને ભારે નુકસાન થયું હોત.

# સૌરાષ્ટ્રમાં પ્રથમ ટ્રેન ૧૮ ડિસેમ્બરે પાટા ઉપર દોડતી થઈ'તી

(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૧૮

સૌરાષ્ટ્રના રેલ્વે ઈતિહાસનો આજે સુવર્ણ દિન છે કે સૌરાષ્ટ્રમાં પ્રથમ ટ્રેન ૧૮ ડિસેમ્બર ૧૮૮૦થી શરૂ થઈ હતી. ૧૮૫૩માં સૌપ્રથમ ભારતમાં રેલ્વે મુંબઈ થાણા વચ્ચે શરૂ થઈ હતી. ગોંડલના રાજવી સર ભગવતસિંહજી અને ભાવનગરના મહારાજ કૃષ્ણકુમારસિંહજીનો સાથ મળતા ભાવનગર-ગોંડલ, ભાવનગર-વઢવાણ, ધોળા-ધોરાજી આમ કુલ ૩૨૩ કિમી રેલ્વે લાઈનો મંજુર થઈ જે કામ ૧૮૮૦માં પુર્ણ થતા ગવર્નર ફર્ગ્યુશને ઉદઘાટન કરી ૧૮ ડિસેમ્બરે સૌરાષ્ટ્રમાં પ્રથમ ટ્રેન દોડતી થઈ હતી. દેશી રાજવીઓની જહેમત-પ્રજાવત્સલતા જેને કારણે આજેય લોકહૈયામાં જડાયેલી છે. આ લાઈન ભાવનગર ગોંડલ તરીકે ઓળખાતી હતી અને એ લાઈન ઉપર પ્રથમ સ્ટીમ એન્જીનથી દોડી હતી. ઉદઘાટનમાં મહારાજા ભગવતસિંહજી ઉપસ્થિત રહયા હતા. લોક કથન મુજબ તે સમયના દેશી રાજાઓએ સૌરાષ્ટ્રમાં માત્ર એક બે નહી ૨૨૩૫ કિલોમીટર લાઈનો બીછાવી હતી અને ૧૦૭૯૩ લોકોને રોજગારી આપી હતી. તે સમયના રેલ્વે સ્ટેશનો-ફલેગ સ્ટેશનોની મજબુતી આજેય એવી અણનમ છે કે કાંકરી યે ખરતી નથી. તે સમયની રેલ્વેની વ્હીસલ પુઉઉઉ પાવો લાંબા અંતર સુધી સંભળાતો-આજ જેટલા વિકલ્પ વાહન વ્યવહાર સાધનો ન હતા તેને માટે રેલ્વે જ સર્વસ્વ હતી. તે સમયમાં લોકો આશ્ચર્ય કુતુહલતાથી ટ્રેન-એન્જીન જોવા આવતા તો તે સમયની હિન્દી ફિલ્મોમાં ટ્રેનને લગતા ફિલ્મી ગીતો શુટીંગ લોકો ચિત્રપટમાં મનભરી માણતા, વેરાવળ સાસણ વચ્ચે દોડતી નેરોગેજ ટ્રેન આજે પણ હેરીટેજ રેલ્વે છે.

# જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્યમંદિર ખાતે વિનામૂલ્યે શ્રી સદગુરૂ નેત્રયજ્ઞ કેમ્પનું આયોજન


જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ રાજકોટના પ.પૂ. શ્રી રણછોડદાસબાપુ આશ્રમ દ્વારા જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ ના સહ્યોગ, સહકાર થકી દરમાસની તા.૨૨ ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. કેમ્પનો સમય સવારે ૯-૦૦ થી ૧૧-૩૦ વાગ્યા સુધી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ ઉતારા વિભાગમાં હોય છે. તો આ કેમ્પનો મોતિયાના દર્દી ભગવાનએ લાભ લેવા વિનંતી. કેમ્પમાં ડો. સાહેબને બતાવ્યા પછી જો આંખમાં મોતિયો હોય તો કેમ્પના સ્થળ થી પ.પૂ. સદ્દુરૂ રણછોડદાસજી, રાજકોટ હોસ્પિટલમાં લઈ જવાની વિનામૂલ્યે સેવા આપવામાં આવે છે. ઓપરેશન ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથે વિનામૂલ્યે કરી આપવામાં આવશે અને ઓપરેશન થઈ ગયા બાદ. બીજા દિવસે દર્દી ભગવાનને જૂનાગઢ કેમ્પના સ્થળે વિનામૂલ્યે પરત મૂકી જવામાં આવશે. તો આ કેમ્પનો જરૂરીયાત વાળા દર્દીભગવાને લાભ લેવા જણાવાયું છે.

આ કેમ્પને સફળ બનાવવા માટે શ્રી બાબુભાઈ ચૌહાણ તથા મનુભાઈ સોની, માધવ સોની, દિલીપ ચૌહાણ, નટુભાઈ ટાંક, વિરમભાઈ મંત્રી, લવજીભાઈ ટાંક, લક્ષ્મીદાસભાઈ ટાંક, રમેશભાઈ મીસ્ત્રી, દિલીપભાઈ મારૂ, રાજુભાઈ ઉનડકટ અને બાલાભાઈ તન્નારાણા સર્વે જહેમત ઉઠાવી રહેલ છે.

# ઉર્જા સંરક્ષણ માટે રાજકોટ ડિવિઝનને મળ્યો રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૮

બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી(BEE), પાવર મંત્રાલય, ભારત સરકાર દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ્સ (NECA) ૨૦૨૪માં રાજકોટ ડિવિઝનએ તેની જીતનો સિલસિલો ચાલુ રાખ્યો હતો. પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનને વર્ષ ૨૦૨૪ માટે ટ્રાન્સપોર્ટ સેકટરમાં તૃતીય પુરસ્કાર (માન્યતાનું પ્રમાણપત્ર) પ્રોજેક્ટ 'ઓટોમેશન ઓફ અંડરગિયર લાઈટ્સ' માટે મળ્યો છે. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે ઊર્જા મંત્રાલય દ્વારા આયોજિત એક ભવ્ય સમારંભમાં સચિવ (પાવર) પંકજ અગ્રવાલ દ્વારા રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (પાવર) રજની યાદવને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. રાજકોટ ડેપો ખાતે પીટલાઈન લાઈનમાં સ્થાપિત અન્ડરગિયર એલઈડી લાઈટોને સ્વાયત્ત રીતે ચલાવવા બદલ આ એવોર્ડ મળ્યો છે. પીટલાઈનના ઓટોમેશનનો હેતુ અલ્ટ્રાસોનિક ટેક્નોલોજી દ્વારા ભારતીય રેલ્વેના કોચિંગ ડેપોની પીટ લાઇનમાં ઊર્જા બચાવવાનો છે. આ પીટલાઈન ઓટોમેશનમાં ૩ નંના IP૬૫ અલ્ટ્રાસોનિક સેન્સર છે જે પીટ લાઈનમાં સ્થાપિત અંડરગિયર લાઈટ્સને નિયંત્રિત કરે છે. આ સિસ્ટમ પીટ લાઇનના તે ભાગ ઉપર તમામ અન્ડરગિયર લાઇટને બંધ કરે છે જેના ઉપર પરીક્ષણ કરવા માટે કોઈ રોલિંગ સ્ટોક નથી, આમ ઊર્જા ખર્ચ બચે છે.

**ઊર્જા અને પર્યાવરણ ઉપર અસર**

ઉપરોક્ત પિટલાઈન ઓટોમેશનને અમલમાં મૂકવાથી ૧ પીટ લાઈન માટે લગભગ ૫૦૪ KWH (યુનિટ) દર મહિને (૬૦૪૮ KWH પ્રતિ વર્ષ) ઊર્જા બચત થાય છે. આ પીટલાઈન ઓટોમેશનનો ઉપયોગ કરીને, ભારતીય રેલ્વેમાં પીટ લાઈનમાં અન્ડરગિયર લાઈટોને આપમેળે ઓપરેટ કરી શકાય છે. દર વર્ષે ઓછામાં ઓછા ૧૮૦ ટન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થવાની ધારણા છે અને દર વર્ષે કુલ અપેક્ષિત ઉર્જા બચત ૬૦૪૮ KW અને દર વર્ષે પીટ લાઈન દીઠ રૂા. ૫૧૦૦૦/- ની બચત થશે. રાજકોટ ડિવિઝનના રેલ્વે મેનેજર અશ્વિની કુમારે રાજકોટ ડીવીઝનની આ મહત્વની સિદ્ધિ બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા અને તેને રેલ્વે કર્મચારીઓ અને અધિકારીઓના સમર્પણ અને મહેનતનું પરિણામગણાવ્યું હતું.

# પોલીસને શારીરિક અને માનસિક તણાવથી મુક્ત કરવા સાસણ મુકામે ત્રિ-દિવસીય પોલીસ ડીટોક્સ કાર્યક્રમ સફળ રીતે સંપન્ન









(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

આજના સમયમાં વ્યક્તિએ પોતાના ઘણા અંગત કારણોથી ઘણી વખત તનાવમાં શરતો જાય છે. જેની અસર વ્યક્તિના રોજિંદા જીવનમાં પડે છે. ત્યારે રાત દિવસ લોકોને સલામતી અને સુરક્ષા પૂરી પાડતા પોલીસને શારીરિક અને માનસિક તણાવતી મુક્ત કરવા સાસણ ખાતે ત્રિ દિવસીય પોલીસ ડીટોક્સ કાર્યક્રમ યોજાયો હતો. લોકોને સુરક્ષા સલામતી માટે પોતાની ફરજમાં હર હંમેશ હાજર રહેતી પોલીસ પણ ઘણી વખત તનાવમાં રહેતી હોય છે. કામનું કારણ તહેવારોના બંદોબસ્ત ગુનાખોરી અટકાવવા રાત દિવસ ફરજ પરની હાજરી, વીઆઈપી બંદોબસ્ત અને કાયદો વ્યવસ્થા જાળવવા હંમેશા હાજર ફરજ પર રહેતી પોલીસને શારીરિક અને માનસિક તણાવતી મુક્ત કરવા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પોલીસ દ્વારા એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો જેમાં પોલીસ તનાવ મુક્ત રહી શકે તે માટે આર્ટ ઓફ લિવિંગ સંસ્થાની મદદથી ધ્યાન યોગ કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જુનાગઢ એસપી સહિત ૨૦ અધિકારીઓ એસી જવાનો મળેલ કુલ ૧૦૦ પોલીસ જવાનો દ્વારા આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેમાં ખાસ કરીને તનાવ મુક્ત પોલીસ માટે વિવિધ ગેમ્સનું આયોજન કરાયું હતું. આર્ટ ઓફ લિવિંગ સંસ્થાની મદદથી હેપીનેસના તજજ્ઞો દ્વારા યોગ ધ્યાન અને જીવન જીવવાની રીતો અંગે પ્રવૃત્તિઓ સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રિર્પોટિંગ અને ઈન્ટ્રોડકશન ,જંગલ વોક ટ્રેનીંગ, સુદર્શન ક્રિયા યોગા ઈન્ટ્રેક્ટિવ પ્રોસેસ , મ્યુઝિકલ નાઈટ, સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જૂનાગઢ એસપી સહિત ડીવાયએસપી ટીઆઈપીએસઆઈ કોન્સ્ટેબલ સહિતના પોલીસ સ્ટાફે તનાવ મુક્ત જીવનની ક્ષણો માણી હતી.

**દુઃખદ અવસાન - બેસણું**



**સ્વ.અરવિંદભાઈ પી. દવે**

સ્વ.તા.૧૬-૧૨-૨૦૨૪, સોમવાર

જુનાગઢનાં સીનીયર એડવોકેટ તથા પૂર્વ સ્ટેન્ડીંગકમીટીના ચેરમેન શ્રી અરવિંદભાઇ પ્રભુલાલ દવેનું અવસાન તા.૧૬-૧૨-૨૦૨૪ ના રોજ જૂનાગઢ મુકામે થયેલ છે.

તેઓ વિજયભાઇ અરવિંદભાઇ દવે એડવોકેટ પૂર્વ બાંધકામ સીમતીના ચેરમેન તથા સોનલબેન તથા ધારાબેનના પિતા તથા જસ્ટીસ સંદીપભાઇ ભટ્ટ ગુજરાત હાઇકોર્ટ તથા જયેશભાઇ દવે ના સસરા તથા મેઘલ દવે (ઓસ્ટ્રેલીયા) તથા પ્રિત દવેના દાદા તથા સ્વ. ધીરજલાલ મોહનલાલ જોષીના જમાઈ થતા હતા.

• સદ્દગતની પ્રાર્થના સભા - બેસણું •

તા.૧૯-૧૨-૨૦૨૪ ગુરૂવારના રોજ ભુતનાથ મહાદેવ મંદિરના સત્સંગ હોલમાં સાંજના ૪ વાગ્યાથી ૬ વાગ્યા સુધી રાખેલ છે.

## અવસાન નોંધ

રાજકોટ : મ.ક.સ.સુ જ્ઞાતિના મોરબી નિવાસી હાલ રાજકોટ જયસુખભાઈ રમણીકલાલ ધામેચા(ઉ.વ.૭૩) વિમલ ટેઈલર્સ વાળા તે મોરબી વાળા સ્વ. રમણીકલાલ પરસોતમભાઈ ધામેચા(આર સન્સ ટેઈલર)ના મોટા પુત્ર તે પ્રવિણભાઈ, રમેશભાઈ, અશોકભાઈ, દિલીપભાઈ, મનોજભાઈ તથા ભાવેશભાઈના મોટાભાઈ તેમજ મનિષભાઈ, તેજશભાઈ અને પિનલબેનના પિતાશ્રી તથા ફાલ્ગુનીબેનના સસરા તેમજ રાજકોટ વાળા મોહનલાલ ડોસાભાઈ પીઠડીયાના જમાઈ અને ચન્દ્રકાન્તભાઈ તથા શરદભાઈના બનેવીનું તા.૧૬-૧૨-૨૦૨૪ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગત જયસુખભાઈનું બેસણું તથા સસરાપક્ષની સાદડી તા.૧૯-૧૨-૨૦૨૪ને ગુરૂવારર સમય સાંજે ૪ થી ૫ કલાકે, સ્થળ જાગનાથ મહાદેવ મંદિર, ડો.યાજ્ઞિક રોડ સરવેશ્વર ચોકની સામેની શેરી, રાજકોટ. મનિષભાઈ ૯૮૭૯૧ ૯૯૩૮૮, તેજશભાઈ-૮૭૮૦૭ ૪૯૯૦૨, પ્રવિણભાઈ-૯૮૭૯૯ ૧૧૩૮૧, અશોકભાઈ- ૯૭૨૬૮ ૦૮૦૯૬, (સસરા પક્ષ) ચન્દ્રકાન્તભાઈ-૯૯૦૪૨ ૯૫૭૧૦, શરદભાઈ-૯૬૩૮૩ ૪૭૮૭૦.

વેરાવળ : ચંદ્રિકાબેન જયંતિલાલ ભીમજીયાની તેસ્વ.જયંતિલાલ ભગવાનજી ભીમજીયાનીના ધર્મપત્ની, અમિતભાઈ, પૂનમબેન દિપેશકુમાર તન્ના (તાલાલા)ના માતુશ્રી, કુંજ અમિતભાઈના દાદી, શિલ્પાબેન અમિતભાઈના સાસુ, દુર્લભજીભાઈ ઘેલાભાઈ રૂપારેલિયા (કેશોદ)ના પુત્રી, રમણીકલાલ ઘેલાભાઈ રૂપારેલિયાના ભત્રિજીનું તા.૧૬ના અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા પિયર પક્ષની સાદડી તા.૧૯-૧૨-૨૦૨૪ને ગુરૂવારે બપોરે ચાર થી પાંચ કલાકે લોહાણા મહાજન વાડી, સટ્ટા બજાર વેરાવળ ખાતે રાખેલ છે.

# જૂનાગઢ રાજપુત સમાજનું ગૌરવ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૮

શ્રી જૂનાગઢ રાજપૂત સમાજનું ગૌરવ સ્વર્ગસ્થ નિતેન્દ્રસિંહ જાડેજાના તથા બા ભાવનાબા એમ. જાડેજા(અખિલ ગુજરાત રાજપુત મહિલા સંઘ જૂનાગઢ) તથા શ્રી રાજપૂત યુવા પાંખ ઉપપ્રમુખ અને દાતા રવિરાજસિંહ જાડેજાના નાના ભાઈ દિવ્યરાજસિંહ જાડેજાને ડાયરેક્ટ ડીવાયએસપીમાં નિમણૂક પામતા સમગ્ર સમાજ વતી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠએ છીએ.

# સોમનાથ-પ્રભાસ પાટણમાં દિપડાએ દેખા દીધી

(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૧૮

સોમનાથ-પ્રભાસ પાટણ વેણેશ્વર સોસાયટીમાં દિપકો અચાનક આવી ચડયો હતો જેને જોઈને શ્વાનો ભસાભસ કરી તેનો સામનો કર્યો હતો. આમ છતાંયે દિપડો શ્વાનના બે બચ્ચાઓ ઉઠાવી નજદીકની ખાઈમાં અલોપ થઈ ચુકયો હતો. દિપડો સોસાયટીમાં આવ્યાના દ્રશ્ય સીસીટીવી કેમેરામા પણ કેદ થયા છે અને સોશ્યલ મીડીયામાં વહેતા થયા છે. આ વેણેશ્વર સોસાયટી આસપાસ બાવળની ઝાડીનું ઘેઘુર વન હોય અને તેને ત્યાંથી પુરતો ખોરાક, પાણી મળી રહેતા કાયમી ધોરણે તે વિસ્તારને પોતાની ટેરીટરી ગણી દિપડા પરીવાર વસવાટ કરે છે. અને કોઈ કોઈવાર વન વિભાગના પાંજરે પણ કેદ થયા છે.

**:: CHANGE OF NAME ::**

I Under signed AASHABEN SHRESYHBHAI PANDYA, Diclere that I have change my name from AANDIBEN (AASHABEN) to my new name AASHABEN SHRESHBHAI PANDYA, now onward i will be known as per my new name.

:: ADDRESS :

AASHABEN SHREYSHBHAI PANDYA
Sanala Road, Ankur Society,
Opp. Rameshwar Mandir, Morbi.

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **આનંદીબેન(આશા)** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **આશાબેન શ્રેયશભાઈ પંડયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**આશાબેન શ્રેયશભાઈ પંડયા**
સનાળા રોડ અંકુર સોસાયટી
રામેશ્વર મંદિરની સામે, મોરબી

**-:: જાહેર નોટીસ ::-**

આથી અમો નીચે સહી કરનાર નં. (૧) મોહનલાલ ઈશ્વરદાસ કારીયા તથા નં. (૨) લોકેશભાઈ મોહનલાલ કારીયા, રહે. બંને જુનાગઢવાળા આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી સુચિત કરીએ છીએ કે અમો નં (૧) નો પુત્ર તથા અમો નં. (૨) ના ભાઈ નામે મનીષ મોહનલાલ કારીયા, રહે. જુનાગઢ વાળા સને-૨૦૧૪ થી અમારાથી અલગ રહે છે અને તે વખતે જ અમારી કૌટુંબિક મિલકતો સંબંધે ફેમીલી સેટલમેન્ટ થતા મનીષ મોહનલાલ કારીયાના હિસ્સે આવતી મિલકતો, દર-દાગીના, રોકડ રકમ વિગેરે અમારી પાસેથી લઈને તે છુટો થયેલ છે અને ત્યારથી તે અલગ રહે છે, પોતાનો વ્યવહાર પોતાની જાતે કરે છે અને અમારા કહયામાં નથી તેમજ અમો નં. (૧) ના અમારા સદરહુ પુત્ર તથા અમો નં. (૨) ના અમારા ભાઈ સાથે સંપર્ક સુદધાનો સંબંધ નથી. જેથી અમારા નામે કે અમારી સાથે અમો નં. (૧) નો પુત્ર તથા અમો નં. (૨) ના ભાઈ મનીષ મોહનલાલ કારીયા સાથે કોઈએ કોઈપણ જાતનો આર્થિક, સામાજીક કે અન્ય કોઈ વ્યવહાર કરવો કરાવવો નહી તેમજ આવા થયેલા કે થનારા વ્યવહારો સંબંધે અમારી કોઈ જવાબદારી રહેશે નહી. જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

લી.

(મોહનલાલ ઈશ્વરદાસ કારીયા – એડવોકેટ)
(લોકેશભાઈ મોહનલાલ કારીયા – એડવોકેટ) રહે. જુનાગઢ

### જૂનાગઢ, ગીર સોમનાથ તેમજ રાજકોટ ગ્રામ્ય જીલ્લા વિસ્તારમાં

# ભયનું સામ્રાજય ફેલાવનાર ૯ શખ્સો વિરૂધ્ધ ગુજસીટોક અંતર્ગત ગુનો દાખલ

## છેલ્લા ૧૦ વર્ષ થયા ટોળકી રચી અને ખુન, ખુનની કોશિષ, ખંડણી, લુંટ, અપહરણ સહિતનાં ગુનાઓ આચરી અને ભયનું સામ્રાજય ફેલાવતા હતાં


જૂનાગઢ તા. ૧૮

જૂનાગઢ, ગીર સોમનાથ તેમજ રાજકોટ ગ્રામ્ય જીલ્લા વિસ્તારમાં છેલ્લા ૧૦ વર્ષ થયા ટોળકી રચી અને ખુન, ખુનની કોશિષ, ખંડણી, લુંટ, અપહરણ સહિતનાં ગુનાઓ આચરી અને ભયનું સામ્રાજય ફેલાવનાર ૯ શખ્સો સામે ગુજસીટોક અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવતાં અસામાજીક પ્રવૃતિ સાથે સંકળાયેલા તત્વોમાં ખળભળાટ મચી જવા પામેલ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર તા. ૧૧-૩-૨૦૧૫ થી આજ દિવસ સુધીમાં જૂનાગઢ, ગીર સોમનાથ તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લા વિસ્તારમાં અનેક પ્રકારનાં ગંભીર ગુનાઓને અંજામ આપનાર એક સાથે ૯ આરોપીઓ કે જેઓની વ્યવસ્થિત ટોળકી બનાવી અને ગુના આચરતા હોય તેવી આ ટોળકીનાં સભ્યો વિરૂધ્ધ જૂનાગઢ ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ જે.જે. પટેલે જાતે ફરીયાદી બની અને ગુનો દાખલ કરેલ છે. જેમાં સલમાન ઉર્ફે સલીયો ઉર્ફે સલીમ તૈયબભાઈ વિશળ રહે. રામદેવપરા, જૂનાગઢ, નાઝીમ હબીબભાઈ સોઢા રહે. સાંગોદ્રા, તા. તાલાળા, સલમાન ઉર્ફે નીજામ ઉર્ફે ભુરો દીનમહમદ બ્લોચ રહે. દોલતપરા, જૂનાગઢ, અજીત ઉર્ફે મંત્રી આમદ નારેજા રહે. રામદેવપરા, જૂનાગઢ, આમદ હુસેનભાઈ નારેજા રહે. રામદેવપરા, અસ્લમ ઉર્ફે છમીયો ઓસમાણ સીડા રહે. રામદેવપરા, જુસબ ઉર્ફે કારીયો તૈયશ વિશળ રહે. દોલતપરા, સાજીદ ઉર્ફે બાડો તૈયબભાઈ વિશળ, દોલતપરા, જૂનાગઢવાળા વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામના આરોપી નં. ૧ થી ૯નાએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા ભેગા મળી આરોપી નં. ૧ની આગેવાની હેઠળ સંગઠીત ગુના આચરતી ટોળકી 'ઓરીઝનલ ક્રાઈમ સીન્ડીકેટ' બનાવી એકબીજાનાં સંકલનમાં રહી એકબીજાને દુષ્પ્રેરીત કરી છેલ્લા દસ વર્ષમાં જૂનાગઢ, ગીર સોમનાથ તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લા વિસ્તારમાં અતી ગંભીર પ્રકારનાં ગુનાઓ જેમાં ખુન, ખુનની કોશિષ, ખંડણી, લુંટ, અપહરણ, હથિયાર ધારા, ગંભીર ઈજા, ખાનગી મિલ્કતને નુકશાન, મારા-મારી, જાનથી મારી નાંખવાની ધમકી, પ્રોહીબીન, જુગારધારા જેવા ગુનાઓ આચરી ભયનું વાતાવરણ ઉભું કરી ગુનાઓ આચરી પોતાની ટોળકીની ગુનાહીત પ્રવૃતિ સતત ચાલુ રાખી જાહેરમાં સુલેહ શાંતિનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરીયાદ નોંધાવતાં પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરીરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ (જીસીટીઓસી) એકટ ૨૦૧૫ની કલમ ૩ (૧)ની પેટા (૧) ૩ (૧)ની પેટા કલમ (૨), ૩ (૨), ૩(૪) મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ નાયબ પોલીસ અધિકારી નિકીતા સીરોયા દ્વારા ચલાવવામાં આવી રહી છે.

# જૂનાગઢમાં જલારામ ભક્તિધામ ખાતે યોજાનાર રાંદલ માતાજીના સમુહ લોટાના કાર્યક્રમને ભવ્ય આવકાર

## વહેલા તે પહેલાના ધોરણે તત્કાલ નામ નોંધણી કરાવવા જ્ઞાતિજનોને અપીલ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ શહેરના ઝાંઝરડા ચોકડી, બાયપાસ ઉપર આવેલા જલારામ ભક્તિધામ ખાતે આગામી તા.૧૨ જાન્યુઆરીના રોજ રાંદલ માતાજીના ૧૦૮ લોટાના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે અને આ કાર્યક્રમ અંગેની જાણ થતા જ વ્યાપક આવકાર મળી રહ્યો છે. ત્યારે નામ નોંધણી વહેલા તે પહેલાના ધોરણે વહેલી તકે કરી લેવા જ્ઞાતિજનોને અપીલ કરવામાં આવી છે. મેનેજીંગ ટ્રસટી પ્રો. પી.બી. ઉનડકટે આ ભવ્ય ધાર્મિક કાર્યક્રમ અંગે જણાવ્યું હતું કે, ઝાંઝરડા રોડ સ્થિત જલારામ મંદિરમાં અવારનવાર રાંદલમાના સમૂહ લોટા તેડવાના કાર્યક્રમો યોજાય છે. ૧૦૮ લોટાનું આયોજન મૂકે છતાં ખુબ મોટી સંખ્યામાં લોટાની નોંધણી કરવાની ફરજ પડે છે. ૬૭૬ લોટાનો કાર્યક્રમ કર્યાનો રેકોર્ડ પણ છે પરંતુ આ વખતે ૧૦૮ની મર્યાદામાં જ કાર્યક્રમ કરવો એવું નક્કી કરવામાં આવ્યું છે. કારણકે મોટી સંખ્યામા ખુબ મૂશ્કેલીઓ અને અગવડતાના અનુભવો થયા છે. ૧૦૮ લોટા માટે કાર્યક્રમ બે દિવસ પહેલા જ જાહેર કર્યો તો પણ આટલાં ટુંક સમયમાં ટાર્ગેટ પુરો થવા આવ્યો છે હવે ઈચ્છા ધરાવતા મનોરથીને તુરંત જ નોંધણી કરાવી લેવા અપીલ કરવામાં આવે છે, વહેલો તે પહેલોના ધોરણે નોધ લઈ નોંધણી બંધ થનાર છે. બે લોટા દિઠ રૂા.૧૧૦૦ મનોરથીએ ન્યોછાવર કરવાના છે અવસરની તા.૧૨-૧-૨૫ રવિવાર છે. ગોઈણીની વ્યવસ્થા ટ્રસ્ટ કરશે. લોટા નોંધણીની નોંધ જલ્દી પૂરી થાય તે હેતુથી ફોર્મ માટે નીચે મુજબ વધારે વ્યવસ્થા ઉભી કરી છે. પરેશભાઈ બાટવીયા ૯૯૧૩૨ ૮૭૧૧૬, સમીરભાઈ દંતાણી ૯૦૯૯૯ ૨૩૧૪૪, સુધીરભાઈ અઢીયા, સ્ટર્લિંગ ચેમ્બર, રાણાવાવ ચોક ૯૯૯૮૭ ૭૬૪૫૬ આવા ભવ્યાતિભવ્ય અને વિશાળ રાદલ સેવા યજ્ઞ માટે ઉદારચિત સદગૃહસ્થ દાતાશ્રીઓ ને પણ યથા શક્તિ દાન અર્પણ કરવા ટ્રસ્ટ તરફથી અપીલ કરવામાં આવી છે. રોકડ દાન કે ભોજન પ્રસાદ સામગ્રી, ચોખા, ઘઉ, ખાંડ, દુધ, રાંદલમાના લોટા માટે નાળીયેર ગોઈણીને લાણી આપવા વિવિધ વસ્તુઓનું દાન કરી શકાય.

# જૂનાગઢમાં ઉપરકોટ ખાતે જુની નવાબી લાઈન રિપેરીંગની કામગીરીને લીધે અનેક વિસ્તારોમાં ૨૦ દિવસ સુધી પાણીનો જથ્થો ઓછો મળશે


(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

કોર્પોરેશનની એક યાદી જણાવે છે કે, જૂનાગઢ શહેરમાં સરકારની અમૃત-૨.૦ યોજના અંતર્ગત ફેઝ-૨ અન્વયે પાણીની પાઈપ લાઈન નાખવાની કામગીરી જુદા-જુદા વોર્ડ વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ છે.

જે પૈકી ઉપરકોટ ખાતે જુની નવાબી લાઈન રીપેરીંગની કામગીરી ચાલતી હોય, જે આશરે ૨૦-દિવસ સુધી કામગીરી ચાલશે. જેથી લાગુ પડતા જુના જૂનાગઢના તમામ સીટી વિસ્તારના-દિવાન ચોક, માંડવી ચોક, દાણાપીઠ, હેઠાણ ફળીયા, ઢાલ રોડ, ગાંધી ચોક, ઘાંચીની કમાન, પીંજાર ફળીયા, સંઘેડીયા બજાર, ઝાલોરાપા, મેમણવાડા, નાયકવાડા, મુલ્લાવાડા, બુકર ફળીયા, ઉંધીવાડા, નવા ઘાંચીવાડા, જુલાઈવાડા, ડાંગરા ચોક, ગાંધી શેરી તથા દાણાપીઠ થી સુખનાથ ચોક સુધીના વિસ્તાર, છાયા બજાર, કૃષ્ણ શેરી, ગણેશ ફળીયા, અંબિકા ચોક, અંનત ધર્માલય ગલી, નઝર મહમદહ ગલી, માલીવાડા, પોસ્ટ ઓફીસ ગલી, ડબ્બા ગલી, માંગનાથ, માઢ સ્ટ્રીટ, અંબાઈ ફળીયા, જવાહર રોડની આસપાસનો વિસ્તાર તથા ગોધાવાવની પાટી વિસ્તારમાં સદરહુ દિવસો દરમ્યાન પાણી પુરવઠો ઓછો મળશે. કામગીરી પૂર્ણ થયા બાદ પાણી પુવરઠો પૂર્વવત થશે. જેથી કામગીરી દરમ્યાન પડતી અગવડતામાં સહકાર આપવા તમામ શહેરીજનોને અપીલ કરવામાં આવે છે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો







તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.






બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો





# જૂનાગઢમાં ૯.૯ અને ગિરનાર પર ૪.૯ ડીગ્રી ઠંડી

જૂનાગઢ તા. ૧૮

જૂનાગઢ સહીત સૌરાષ્ટ્ર-કચ્છમાં છેલ્લા ૪ દિવસ થયા ઠંડીની તીવ્રતામાં ચડઉતર થયા રાખે છે. આજે પણ ઠાર અને ઠંડીમાં વધારો થતાં જનજીવન પ્રભાવિત બન્યું છે. આજે મળતા અહેવાલો અનુસાર જૂનાગઢમાં ૯.૯ ડીગ્રી તાપમાન અને ગિરનાર પર્વત પર ૪.૯ ડીગ્રી ઠંડી સાથે નીચુ તાપમાન નોંધાતા કાતિલ ઠંડીની શીત લહેર પ્રસરી ગઈ છે.

ગઈકાલે જૂનાગઢનું લઘુતમ તાપમાન ૧૨.૧ ડીગ્રી નોંધાયા બાદ રાત્રીનું તાપમાન ઘટી ગયું હતું. અને આજે સવારે લઘુતમ તાપમાનનો પારો ૨.૨ ડીગ્રી નીચે ઉતરીને ૯.૯ ડીગ્રી સ્થિર થઈ જતાં જૂનાગઢ શહેર અને સોરઠમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ગિરનાર પર્વત પર ઠંડીનો પારો ૪.૯ ડીગ્રીએ પહોંચી ગયો છે. ગિરનારની યાત્રાએ આવેલા પ્રવાસીઓ સહીતનાં લોકોને અસર પહોંચી છે. અને ઠંડીને કારણે ઠુઠવાઈ ગયા છે. જયારે બીજી તરફ ભેજનું પ્રમાણ ૬૯ ટકા રહયું છે અને ૬.૨ કિમીની ઝડપે પવન ફુંકાઈ રહયો છે.

## ભેંસાણનાં માંડવા ગામે જુગાર દરોડો : પાંચ ઝડપાયા

જૂનાગઢ તા. ૧૮

ભેંસાણ પોલીસે ગઈકાલે ચોકકસ બાતમીનાં આધારે માંડવા ગામે જુગાર અંગે દરોડો પાડતાં પાંચ શખ્સોને રૂા. ૫૧,૫૦૦ની રોકડ, મોટર સાયકલ-૩ વગેરે મળી કુલ રૂા. ૧,૨૬,૫૦૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ તેમનાં વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

### માંગરોળ ઝેરી દવા પી આપઘાત

માંગરોળનાં કુલસુમબેન હુજેફાભાઈ ઝડાએ કોઈ અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાનો સેલફોર્સ પાઉડર પી જતાં તેમનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું છે. માંગરોળ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વંથલી પોલીસ સ્ટેશનનાં પ્રોહીબીશનનાં ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લેતી પોલીસ




જૂનાગઢ તા. ૧૮

જૂનાગઢ રેન્જનાં પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાનાં માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચ જૂનાગઢનાં પીઆઈ જે.જે. પટેલનાં માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચનાં પીએસઆઈ ડી.કે. ઝાલા અને સ્ટાફ દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા સતત વોચ રાખવામાં આવી રહી હતી. આ દરમ્યાન વંથલી પોલીસ સ્ટેશનનાં પ્રોહીબીશનનાં કામે છેલ્લા ૪ માસથી નાસતો ફરતો આરોપી રૈયા નાજા મોરી (રહે. જૂનાગઢવાળો) ગાંધીગ્રામ અને સીંધી સોસાયટી નજીક આંટાફેરો મારતો હોવાની માહિતી મળતા ત્યાં તપાસ કરતાં રૈયા નાજા મોરી મળી આવતા તેને ઝડપી લઈ અને તેનાં વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.